Friday 20, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઉમરગામ મતદારયાદી સુધારણા ઝુંબેશમાં જિલ્લામાં પ્રથમ

વલસાડ જિલ્લામાં કુલ ૨૩,૪૬૦ ફોર્મ ભરાયાં, ઉમરગામ વિધાનસભા મતવિસ્તારમાં સૌથી વધુ ૬,૪૬૪ અરજીઓ નોંધાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : ચૂંટણી પંચ દ્વારા વલસાડ જિલ્લામાં હાથ ધરવામાં આવેલી મતદારયાદીની ખાસ સુધારણા ઝુંબેશને નાગરિકોનો સારો પ્રતિસાદ મળ્યો છે. જિલ્લાના ૧,૫૪૪ મતદાન મથકો પર ૧૧, ૧૮ અને ૨૫ ઓક્ટોબરના રોજ યોજાયેલા ત્રણ વિશેષ રવિવારીય અભિયાન દરમિયાન કુલ ૨૩,૪૬૦ ફોર્મ ભરાયાં હતાં. આ આંકડામાં ઉમરગામ વિધાનસભા મતવિસ્તાર ૬,૪૬૪ અરજીઓ સાથે સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમે રહ્યો છે.

વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે અરજીઓના આંકડા જોઈએ તો ઉમરગામમાં સૌથી વધુ ૬,૪૬૪ ફોર્મ ભરાયાં હતાં. જ્યારે ધરમપુરમાં ૪,૮૩૪, કપરાડામાં ૪,૪૫૦, વલસાડમાં ૩,૮૬૧ અને પારડીમાં ૩,૮૫૧ ફોર્મ ભરાયાં હતાં. આમ, મતદારયાદી સુધારણા ઝુંબેશમાં ઉમરગામ મતવિસ્તારે સૌથી વધુ અરજીઓ નોંધાવી જિલ્લામાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. આ ઝુંબેશ દરમિયાન ખાસ કરીને પ્રથમ વખત મતદાર બનવા જઈ રહેલા યુવાનોમાં નોંધણીને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો. નવા મતદારોની નોંધણી ઉપરાંત મતદારયાદીમાં જરૂરી સુધારા અને અન્ય વિગતો માટે પણ નાગરિકોએ ભાગ લીધો હતો. લોકશાહીની પ્રક્રિયામાં દરેક લાયક નાગરિકની ભાગીદારી સુનિશ્ચિત કરવા મતદારયાદી સુધારણા મહત્ત્વપૂર્ણ છે. ત્યારે વલસાડ જિલ્લામાં સૌથી વધુ અરજીઓ સાથે ઉમરગામ વિધાનસભા મતવિસ્તાર પ્રથમ ક્રમે રહેતા સ્થાનિક સ્તરે આ બાબત ચર્ચાનું કેન્દ્ર બની છે.

વાપી મનપામાં સામાહિક સમીક્ષા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


વાપી, તા. ૧૯ : વાપી મહાનગરપાલિકા કચેરી ખાતે આજે તા. ૧૯ નવેમ્બરના રોજ મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (IAS)ના અધ્યક્ષસ્થાને સામાહિક સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં મહાનગરપાલિકાના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવી રહેલા વિકાસકાર્યોની કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા તથા વિશાલ પટેલ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રગતિ હેઠળનાં વિવિધ વિકાસલક્ષી કામોની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને વિકાસકાર્યો સમયસર પૂર્ણ થાય, કામગીરીની ગુણવત્તા જળવાઈ રહે અને નક્કી કરેલી સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ થાય તે બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપતાં વિકાસકાર્યોમાં ઝડપ લાવવા તેમજ કામગીરી સુચારુ અને સમયસર પૂર્ણ કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું.

મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા વિકાસકાર્યોની નિયમિત સમીક્ષા અને દેખરેખ દ્વારા નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ સામાહિક બેઠક યોજાઈ હતી.

તીથલમાં નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા





સૌપ્રથમવાર સમુદ્ર કિનારે ૨૧ ફૂટ ઊંચી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થતા સમુદ્રના તમામ જીવોનું કલ્યાણ થાય અને આજુબાજુના ગામોમાં સત્સંગ વધે: મહંત સ્વામી મહારાજ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૯ : વલસાડના સુપ્રસિદ્ધ તીર્થસ્થળ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તીથલ ખાતે ભગવાન સ્વામિનારાયણના કિશોરસ્વરૂપ તપોમૂર્તિ નીલકંઠ વર્ણી મહારાજની ૨૧ ફૂટ ઊંચી ભવ્ય મૂર્તિનો પ્રતિષ્ઠા વિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પાવન હસ્તે ભક્તિભાવ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન થઈ હતી. આ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે બ્રહ્મમૂર્હૂતમાં વહેલી સવારે ૫ કલાકથી મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. મોટી સંખ્યામાં હરિભક્તો અને દેશ વિદેશના ૯૩૦ યજમાનોએ પ્રતિષ્ઠા મહાયજ્ઞમાં જોડાઈને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે યજ્ઞનારાયણને આહુતિઓ આપી હતી. વૈદિક મંત્રોચ્ચાર અને સંતો-હરિભક્તોના જયઘોષ વચ્ચે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ૨૧ ફૂટ ઊંચી ભવ્ય અને દિવ્ય તપોમૂર્તિ શ્રી નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી અને પ્રાણ પ્રતિષ્ઠાની આરતીનું અર્ઘ્ય અર્પણ કર્યું હતું. ભક્તિમય વાતાવરણમાં પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થતાં ઉપસ્થિત સંતો, હરિભક્તો અને દર્શનાર્થીઓમાં અપાર આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી હતી. સમગ્ર મંદિર પરિસર સ્વામિનારાયણ મહામંત્ર અને શ્રી નીલકંઠ વર્ણીના જયનાદથી ગુંજી ઊઠ્યું હતું. આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતા કહ્યું કે, સૌપ્રથમવાર સમુદ્ર કિનારે નીલકંઠ વર્ણી મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ છે તો નીલકંઠવર્ણી મહારાજની દ્રષ્ટિથી સમુદ્રમાં રહેતા તમામ જીવોનું કલ્યાણ થાય એવી સર્વ જીવ હિતાવહની ભદ્ર ભાવના આશીર્વાદમાં દર્શાવી હતી તેમજ નીલકંઠ વર્ણી મહારાજની દ્રષ્ટિથી આજુબાજુના ગામોમાં સત્સંગ વધે એવા આશીર્વાદ આપ્યા હતા.

સાથે સાથે નીલકંઠવર્ણી મહારાજને તપ પ્રિય છે તેથી એકાદશી જેવા વ્રત અને વિશેષ જપ તપના નિયમો લઈ એમને રાજી કરવા અને અહીં પ્રદક્ષિણા અને અભિષેક કરવાથી દરેકના શુભ સંકલ્પો ફળીભૂત થશે એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. તપ, સેવા, ત્યાગ, સંયમ અને અડગ ભક્તિના પ્રતીક એવા કિશોર યોગી શ્રી નીલકંઠ વર્ણી મહારાજના દિવ્ય દર્શનનો લાભ હવે વલસાડના પ્રવાસન ધામ તીથલ સ્વામિનારાયણ મંદિરે પધારતા સૌ હરિભક્તો અને પ્રવાસીઓને કાયમી ધોરણે પ્રાપ્ત થશે.

બામટી નદીમાં કેમિકલયુક્ત પાણી છોડાતાં ગ્રામજનોમાં ચિંતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૯ : ધરમપુર તાલુકાના બામટી ગામ પાસેથી પસાર થતી બામટી નદીના પાણીમાં કેમિકલયુક્ત પાણી ભળતું હોવાની ફરિયાદને પગલે આસપાસના વિસ્તારમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. નદીના પાણીનો ઉપયોગ ખેતી, પશુધન તેમજ આસપાસના રહેણાક વિસ્તારોના લોકો દ્વારા કરવામાં આવતો હોવાથી પાણીની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

આ અંગે બામટી ગામના સરપંચ વિજયભાઈ પાનેરિયા દ્વારા ગત તા. ૦૭-૧૧-૨૦૨૬ના રોજ મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવ્યા મુજબ, છેલ્લા આશરે ૧૫ દિવસથી નદીના પાણીના રંગમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન પાણી લાલ રંગનું અને રાત્રિના સમયે પીળા રંગનું થઈ જતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), વાપી દ્વારા નદીના પાણીના નમૂના પણ લેવામાં આવ્યા હતા, પરંતુ આજદિન સુધી તેના પરીક્ષણ અંગે કોઈ જવાબ કે અહેવાલ મળ્યો ન હોવાનું સરપંચે રજૂઆતમાં જણાવ્યું હતું. વધુમાં, બામટી નદી આસપાસનો વિસ્તાર ખેતી-પાન હોવાથી નદીના પાણીનો ઉપયોગ ખેતી માટે તેમજ પશુધન દ્વારા પીવાના પાણી તરીકે કરવામાં આવે છે. આ ઉપરાંત ધરમપુર નગરપાલિકા સહિત આસપાસના રહેણાક વિસ્તારોમાં પણ આ પાણીના ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. પાણીમાં કેમિકલ ભળતું હોવાની આશંકાને પગલે ગ્રામજનોમાં પાણીનો ઉપયોગ કરવો કે નહીં તે અંગે મૂંઝવણ ઊભી થઈ છે. આ સમગ્ર મામલે કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા નદીમાં કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતું હોવાની શંકા વ્યક્ત કરતાં સરપંચ વિજયભાઈ પાનેરિયાએ જવાબદાર વ્યક્તિ સામે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની તથા નદીના પાણીના નમૂનાનો પરીક્ષણ અહેવાલ જાહેર કરવાની માંગ કરી હતી. જોકે, તા. ૦૭ નવેમ્બરના રોજ લેખિત રજૂઆત કર્યા બાદ પણ સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો ન હોવાનું સરપંચે જણાવ્યું હતું. આથી ગતરોજ ફરી એકવાર વિજયભાઈ પાનેરિયાએ મીડિયા માધ્યમથી તંત્ર સમક્ષ પોતાની રજૂઆત કરી હતી. તેમણે વહેલી તકે નદીના પાણીની તપાસનો અહેવાલ જાહેર કરી કેમિકલયુક્ત પાણી છોડવા પાછળ જવાબદાર તત્ત્વો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે. હવે જોવાનું એ રહ્યું કે સંબંધિત તંત્ર આ ગંભીર બાબતને કેટલી ઝડપથી ધ્યાને લઈ બામટી નદીના પાણીની ગુણવત્તા અંગે સ્પષ્ટતા કરે છે અને ગ્રામજનોની મૂંઝવણ દૂર કરવા કેવા પગલાં ભરે છે.

ઈન્દોર જતી ટ્રેનમાં મુસાફરની રૂા. ૨.૨૯ લાખની મત્તા ચોરાઈ

ચાલુ ટ્રેનમાં મહિલા મુસાફરના પર્સ, આઈફોન અને સોનાની ચેઈન ચોરાતાં વલસાડ સ્ટેશને ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૯ : ઈન્દોરથી મુંબઈ તરફ જઈ રહેલી ઈન્દોર-દૌંડ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહેલી એક મહિલાના પર્સની અજાણ્યા તસ્કરોએ મોંઘો મોબાઈલ ફોન અને સોનાની ચેઈન મળી કુલ ૨,૨૯,૦૦૦ની મતાની ચોરી થઈ છે.

અક્ષરતિ થી જૈન રહે રાજસ્થાન નામની મહિલા તેમના પતિ સાથે ગત તા. ૨૬/૧૦/૨૦૨૬ના રોજ ઈન્દોર રેલવે સ્ટેશનથી ઈન્દોર-દૌંડ એક્સપ્રેસના કોચ નંબર ૯-૪ માં સીટ નંબર ૭૭ અને ૮૦ પર બેસી મુંબઈ જવા માટે મુસાફરી કરી રહ્યા હતા. રાત્રિના સમયે બંને પતિ-પત્ની ઊંઘી ગયા હતા.

તા. ૨૭/૧૦/૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૦૨:૩૦ વાગ્યે જ્યારે ટ્રેન વલસાડ રેલવે સ્ટેશન નજીક પહોંચી ત્યારે મહિલાની ઊંઘ ખૂલી હતી.

તેમણે તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે તેમના માથા પાસે રાખેલું લેડીઝ પર્સ ગાયબ હતું. દાહોદ રેલવે સ્ટેશનથી વલસાડ રેલવે સ્ટેશન વચ્ચે કોઈ અજાણ્યો ચોર ઈસમ તેમના પર્સની ચોરી કરી નાસી છૂટ્યો હતો. તસ્કરો પર્સ માં કિંમતી ચીજવસ્તુઓ માં આઈફોન મોબાઈલ ફોન ૧,૩૫,૦૦૦ની કિંમત સોનાની ચેન ૯૦,૦૦૦ની કિંમત રોકડ રૂપિયા ૪ હજાર મળી કુલ રૂપિયા ૨,૨૯,૦૦૦ ની પૂરી થવાની ઘટના બનતા ઘટના અંગે મુસાફર દંપતીએ તાત્કાલિક રેલવે હેલ્પલાઈન નંબર ૧૩૯ પર જાણ કરી હતી.

ત્યારબાદ વસઈ રોડ રેલવે સ્ટેશન પર ફરિયાદ નોંધાવ્યા બાદ આ મામલો વલસાડ રેલવે પોલીસ સ્ટેશન માં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. વલસાડ રેલવે પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ સુરેશ એન. વસાવાને આગળની તપાસ સોંપી છે.





વઘઈ તાલુકામાં વિકાસના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર

નડગચોંડ ગામે સીસીટીવી કેમેરા લગાવ્યા વગર જ લાખો રૂપિયાના બિલો ઉપાડી દેવાયાની ચોંકાવનારી વિગતો સામે આવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૧૯ : ડાંગ જિલ્લાના વઘઈ તાલુકા પંચાયત અંતર્ગત હાથ ધરવામાં આવેલા વિવિધ વિકાસના કામોમાં ગંભીર પ્રકારની નાણાકીય ગેરરીતિ અને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આ મા અંગે દેવલપાડા ગામના રહેવાસી મનિષભાઈ કરમશીભાઈ મારકણા દ્વારા જિલ્લા વિકાસ અધિકારી (DDO) તથા કલેક્ટર સમક્ષ લેખિતમાં ગંભીર આક્ષેપો સાથે તટસ્થ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ (RTI) હેઠળ વઘઈ તાલુકા પંચાયત પાસેથી મેળવાયેલા દસ્તાવેજો અને રૂબરૂ સ્થળ તપાસના આધારે બહાર આવેલી આ વિગતો અનુસાર, કાગળ પર જ વિકાસના કાર્યો બતાવી સરકારી ગ્રાન્ટની મોટાપાયે ઉચાપત કરવામાં આવી છે. અરજદારના જણાવ્યા મુજબ, ૧૫મા નાણાપંચ (વર્ષ ૨૦૨૨-૨૩) હેઠળ વઘઈ તાલુકાના નડગચોંડ ગામે જાહેર જગ્યાએ સી.સી.ટીવી કેમેરા લગાવવા માટે રૂ. ૧,૦૦,૦૦૦/- ની રકમ મંજૂર કરવામાં આવી હતી અને સરકારી રેકર્ડમાં આ કામ પૂર્ણ થઈ ગયાનું દર્શાવી પૂરા નાણાં ચૂકવી પણ દેવાયા છે. પરંતુ, જ્યારે વાસ્તવિક સ્થિતિ જાણવા માટે ગ્રામજનો અને અરજદાર દ્વારા નડગચોંડ ગામે રૂબરૂ સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે ત્યાં એક પણ સી.સી.ટીવી કેમેરા લગાવેલા ન હોવાનું સામે આવ્યું હતું. આ અંગે જ્યારે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીનો ટેલિફોનિક સંપર્ક સાધવામાં આવ્યો ત્યારે તેઓ પણ કોઈ જ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા.

આ પરથી સ્પષ્ટ થાય છે કે કોઈપણ પ્રકારની ભૌતિક કામગીરી કર્યા વગર જ માત્ર કાગળો પર પ્રોજેક્ટ પૂર્ણ બતાવી સરકારી નાણાંની સરાજાહેર લૂંટ ચલાવવામાં આવી છે. શીવારીમાળ, કાલીબેલ અને વઘઈ સહિતની ગ્રામ પંચાયતોમાં સરકારી નાણાંથી વસાવવામાં આવેલા સી.સી.ટીવી કેમેરા અને તેની મોનિટરિંગ સિસ્ટમ કે ડી.વી.આર. ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખવાના બદલે ખાનગી વ્યક્તિઓના ઘરો કે ખાનગી જગ્યાઓ પર સંચાલિત થઈ રહ્યા છે, જે નિયમો વિરુદ્ધ છે. અરજદાર દ્વારા માંગ કરવામાં આવી છે કે નડગચોંડ ગામે સી.સી.ટીવી કેમેરા વગર જ બિલ ચૂકવી દેનાર જવાબદાર અધિકારીઓ અને ઈજારદારો સામે તાત્કાલિક ફોજદારી ગુનો નોંધી સરકારી નાણાંની વસૂલાત કરવામાં આવે, ખાનગી સ્થળોએ ધમધમતા સરકારી સી.સી.ટીવી કેમેરા જપ્ત કરી પંચાયત હસ્તક લાવવામાં આવે, તેમજ વિજિલન્સ કે ઉચ્ચ સ્તરીય તકનીકી ટીમ દ્વારા સમગ્ર વઘઈ તાલુકાના આ તમામ વિકાસ કામોની સઘન સ્થળ તપાસ હાથ ધરી ન્યાયિક કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠી છે.

ધનોરી રંગ મંદિરે શ્રી રંગ જન્મજયંતી ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા. ૧૯ : પરમ પૂજય નારેશ્વર ના નાથ શ્રી રંગ અવધૂત ગુરુ મહારાજની અસીમ ગુસ્કૃપા, દિવ્ય આશીર્વાદ અને પાવનપ્રેરણાના મંગલમય સાનિધ્યમાં બાપજીની ૧૨૯ મી શ્રી રંગ અવધૂત મહારાજ જયંતિ મહોત્સવની ધનોરી વિસ્તારના રંગ ભક્તોએ ભક્તિભાવથી ઉજવણી કરી હતી.

બુધવાર, ૧૮-૧૧-૨૬ ના સવારે ૧૦-૩૦ ક. પાદુકા પૂજન હિરેન અને પ્રકૃતિ દંપતી દ્વારા કરવામાં આવ્યું હતું જેની પૂજા વિધિ વલસાડના રંગ અવધૂત ભૂદેવ ભરત ભટ્ટ દ્વારા શાસ્ત્રોકત રીતે કરાવવામાં આવી હતી. પાદુકા પૂજન બાદ મહા આરતી અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી બાપજીને થાળ ધરાવી સૌને પ્રસાદ અને મહાપ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો જેનો શ્રી રંગ અવધૂત વિશ્રામ મંદિર, ધનોરી- તથા આજુબાજુના રંગ ભક્તોએ લીધો હતો.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૨૦-૧૧-૨૦૨૬, **વાર :** વાર **તિથિ :** કારતક સુદ ૧૧, **સૂર્યોદય :** ૦૭ : ૦૦ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૦, **ચંદ્રોદય** - ૦૨:૩૮ **ચંદ્રાસ્ત** - ૦૩:૧૮ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - ઉત્તરભાદ્રપદ

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. મુસાફરી કે કામકાજમાં ઉતાવળ ટાળીને ધીરજથી આગળ વધવું.

વૃષભ (બ, વ, ઉ) : આર્થિક લાભ અને આવકમાં વધારો થવાના યોગ છે. મિત્રો અને વડીલોના સહયોગથી અટકેલા કાર્યો પૂર્ણ થશે.

મિથુન (ક, ઘ, ચ) : નોકરી અને વ્યવસાયમાં પ્રગતિ અપાવશે. કાર્યક્ષેત્રે નવી જવાબદારીઓ મળી શકે છે અને તમારા કામની પ્રશંસા થશે.

કર્ક (ડ, હ) : ધાર્મિક કાર્યો અને પ્રવાસમાં રુચિ વધશે. કોઈ પણ મોટો નિર્ણય લેતા પહેલા વડીલોની સલાહ લેવી હિતાવહ છે.

સિંહ (મ, ટ) : સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું અને વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. ગુસ્સા પર કાબૂ રાખવો અને વાદ-વિવાદથી દૂર રહેવું.

કન્યા (પ, ઠ, ણ) : ભાગીદારીના ધંધા અને દાંપત્ય જીવનમાં સુખ-શાંતિ લાવશે. વેપારમાં નવી તકો મળશે અને મન પ્રસન્ન રહેશે.

તુલા (ર, ત) : શત્રુઓ પર વિજય મળશે અને અટકેલા નાણાં પરત મળવાની શક્યતા છે. નોકરીમાં મહેનતનું યોગ્ય ફળ મળશે.

વૃશ્ચિક (ન, ય) : વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં એકાગ્રતા વધશે. સંતાન તરફથી સારા સમાચાર મળી શકે છે અને પ્રેમ સંબંધોમાં મધુરતા રહેશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : ઘર-પરિવારની જવાબદારીઓમાં વ્યસ્તતા રહેશે. માતાના સ્વાસ્થ્યની કાળજી લેવી અને માનસિક શાંતિ જાળવવી.

મકર (ખ, જ) : તમારા આત્મવિશ્વાસ અને સાહસમાં વધારો થશે. ભાઈ-બહેનોનો સહયોગ મળશે અને ટૂંકી મુસાફરી લાભદાયી રહેશે.

કુંભ (ગ, સ, શ, ષ) : આર્થિક સ્થિતિને મજબૂત બનાવશે. વાણીમાં મીઠાશ જાળવી રાખવાથી કૌટુંબિક સંબંધો વધુ સુમેળભર્યા બનશે.

મીન (દ, ચ, થ, ઝ) : ચંદ્ર તમારી જ રાશિમાં (પ્રથમ ભાવમાં) હોવાથી ઉત્સાહ અને સકારાત્મક ઉર્જા જળવાઈ રહેશે. નવા કાર્યોની શરૂઆત કરવા માટે દિવસ ઉત્તમ છે.

અજરાઈમાં મહિલા સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૧૯ : ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગણદેવી તાલુકાના અજરાઈ ખાતે નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં મહિલા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

==આ પ્રસંગે ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈએ ભગવાન બિરસા મુંડાજીના જીવન, સંઘર્ષ અને આદિવાસી સમાજના ઉત્થાન માટે આપેલા અમૂલ્ય યોગદાન અંગે પ્રેરણાદાયી વાતો કરી હતી. વધુમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના સશક્તિકરણ, સ્વાવલંબન અને સર્વાંગી વિકાસ માટે અમલી બનાવવામાં આવેલી વિવિધ મહિલાલક્ષી અને કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી હતી. સમાજના વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓના મહત્વપૂર્ણ યોગદાનની સરાહના કરી મહિલાઓને સરકારની યોજનાઓનો લાભ લઈ આત્મનિર્ભર બનવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે મંજૂરી હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કારોબારી સભ્ય અનિતાબેન પરમાર, નવસારી જિલ્લા ભાજપ મહામંત્રી જીગરકુમાર દેસાઈ, નવસારી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મુકેશભાઈ પટેલ, મહિલા મોરચાના જિલ્લા મહામંત્રી નીતિજ્ઞાબેન પટેલ, ગણદેવી તાલુકા ભાજપ પ્રમુખ શૈલેષભાઈ હળપતિ, સંસ્થાના પ્રમુખ ભગુભાઈ હરજી, સંસ્થાના મંત્રી સંદીપભાઈ નાયક, નવસારી મંડળ પ્રમુખ તન્વીબેન પંચાલ તથા તાલુકા પંચાયત સભ્ય સંગીતાબેન દેસાઈ સહિત આગેવાનો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આહવામાં દીપડી અને બચ્ચાની અવરજવરથી લોકોમાં ભય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૧૯ : ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતેથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ગત રોજ રાત્રિના સમયે શહેરી વિસ્તારમાં આવેલા આકાશવાણી ભવન અને પોલીસ લાઈન પરિસરમાં એક દીપડી પોતાના ત્રણ નાનાં બચ્ચાં સાથે ખુલ્લેઆમ આંટાફેરા કરતી નજરે પડી હતી. રહેણાંક અને સરકારી કચેરીઓથી ધમધમતા આ વિસ્તારમાં રાત્રિના સુમારે વન્યજીવની પરિવાર સાથેની આ અવરજવરને કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે ચિંતા અને ભયનો માહોલ છવાઈ ગયો છે.આ અદભુત પરંતુ જોખમી દ્રશ્ય ત્યાંથી પસાર થતા એક વાહનચાલક કે સ્થાનિક



વ્યક્તિ દ્વારા પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરવામાં આવ્યું હતું, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે. શહેરના મધ્ય ભાગમાં દીપડી અને તેના બચ્ચાંઓની સરેઆમ રસ્તા પર થયેલી આ હિલચાલને પગલે વહીવટી તંત્ર અને વન વિભાગ પણ હરકતમાં આવી ગયું છે. નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા વિશેષ સૂચનાઓ જારી કરીને લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને રાત્રિના સમયે કે વહેલી સવારે બિનજરૂરી ઘરની બહાર નીકળવાનું ટાળવા તેમજ સુરક્ષિત રહેવા જણાવાયું છે. જો ક્યાંય પણ દીપડી કે તેના બચ્ચાં નજરે પડે તો તેમની નજીક જવાનો કે તેમને હેરાન કરવાનો કોઈ -યાસ ન કરવા તેમજ ત્વરિત વન વિભાગ કે સ્થાનિક તંત્રને જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. વન્યજીવોની માનવ વસ્તી તરફ વધતી અવરજવરને પગલે સ્થાનિક રહીશોમાં સતત ગભરાહટનો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકોએ અત્યંત સાવચેતી દાખવવી અનિવાર્ય બની છે.

નવસારી જિલ્લામાં ડ્રોપઆઉટ બાળકોના સર્વેની કામગીરી હાથ ધરાઈ

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા. ૧૯ : સમગ્ર શિક્ષા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ નવસારીના સંયુક્ત ઉપક્રમે ૬ થી ૧૯ વર્ષની વયજૂથના કદી શાળાએ ન ગયેલા અથવા અધવચ્ચેથી શાળા છોડી ગયેલા જેઓ ધોરણ ૧ થી ૧૨નું શિક્ષણ પૂર્ણ ન કરી શક્યા હોય તેવા બાળકોને શોધીને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. નવસારી જિલ્લાના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારો જેવા કે ઝૂંપડપટ્ટી, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, ધાર્મિક સ્થળો, GIDC વિસ્તાર, વર્ક સાઈડ કે ચાની કીટલી પર કોઈ બાળક રખડતું કે કામ કરતું જોવા મળે, તો તેના નામાંકન માટે નજીકની સરકારી પ્રાથમિક કે માધ્યમિક શાળાનો સંપર્ક કરવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

આ ઉપરાંત, ઘરે બેઠા ધોરણ ૯ થી ૧૨ નો અભ્યાસ પૂર્ણ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકાર સંચાલિત ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) માં નજીકની માધ્યમિક શાળા મારફતે નિ:શુલ્ક રજીસ્ટ્રેશનની સુવિધા પણ ઉપલબ્ધ છે. જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર અને જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર, સમગ્ર શિક્ષા કચેરી નવસારી દ્વારા આ સર્વેની કામગીરીમાં સહભાગી બની બાળકોના ઉજ્જવળ ભવિષ્યમાં મદદરૂપ બનવા સૌ નાગરિકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નવસારીમાં વિકાસલક્ષી પ્રોજેક્ટ્સના જમીન સંપાદન અંગે સમીક્ષા બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા. ૧૯ : નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાએ સરકારી જમીનની માંગણી સંબંધિત પડતર અરજીઓ, સરકારી જમીનની ફાળવણી તેમજ જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદનની કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ, જમીન સંપાદન સંબંધિત પ્રશ્નો અને કામગીરી દરમિયાન ઉદ્ભવતી મુશ્કેલીઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં સરકારી જમીનની માંગણી સંબંધિત વિવિધ વિભાગોની



પડતર અરજીઓની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ સંબંધિત અધિકારીઓને સરકારી જમીનની ફાળવણી માટેની અરજીઓનો નિયમોનુસાર ઝડપી નિકાલ કરવા, જમીન સંપાદન સંબંધિત કામગીરીમાં જરૂરી દસ્તાવેજ પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવા તેમજ વિવિધ વિભાગો વચ્ચે યોગ્ય સંકલન જાળવવા સૂચનાઓ આપી હતી. વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની કામગીરીમાં જમીન સંબંધિત પ્રશ્નોને કારણે વિલંબ ન થાય તે માટે જરૂરી અનુસરણ કરવા અને દરેક પ્રોજેક્ટની પ્રગતિ પર નિયમિત દેખરેખ રાખવા પણ ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં જિલ્લા આયોજન અધિકારી નૈતિકાબેન પટેલ, નાયબ કલેક્ટર દ્રષ્ટિ શુક્લા, નાયબ કલેક્ટર સંદીપ ગાયકવાડ, પ્રાંત અધિકારી તૃપ્તિ પટેલ, વાંસદા પ્રાંત અધિકારી ભાર્ગવ માહલા સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આહવા-ડાંગના નાગરિકોએ મુસદા યાદીમાં નામ ન ધરાવતા ફોર્મ-૬ રજુ કરવાનું રહેશે

(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૧૯ : ભારતના ચૂંટણી પંચ દ્વારા ખાસ સઘન સુધારણા (SIR) પ્રક્રિયા દરમિયાન અથવા ત્યારબાદ પ્રસિદ્ધ થનારી મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરવામાં આવી છે. જે નાગરિકો અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હતા, પરંતુ ચાલુ પ્રક્રિયા દરમિયાન પ્રસિદ્ધ થયેલી મુસદા મતદાર યાદીમાં તેમનું નામ સામેલ નથી, તેઓ આખરી મતદાર યાદીમાં નવેસરથી નામ દાખલ કરાવવા માટે ફોર્મ-૬ રજૂ કરી શકશે. અગાઉ મતદાર તરીકે નોંધાયેલા કેટલાક નાગરિકો મુસદ્દા યાદીમાં નામ ન હોવા છતાં ફોર્મ-૬ ભરવામાં સંકોચ અનુભવી રહ્યા હતા. તા. ૦૧ ઓગષ્ટ, ૨૦૨૨થી અમલમાં આવેલી જોગવાઈ મુજબ, ફોર્મ-૬માં અરજદારનું નામ મતદાર યાદીમાં પ્રથમ વખત સામેલ થઈ રહ્યું હોવાની નિયત ઘોષણા કરવાની રહે છે. આથી, અગાઉ નોંધાયેલા મતદારોને એવી આશંકા હતી કે આ ઘોષણા ખોટી ગણાશે અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ-૩૧ હેઠળ તેમની સામે કાયદાકીય કાર્યવાહી થઈ શકે છે. ચૂંટણી પંચે આ મૂંઝવણ દૂર કરતાં સ્પષ્ટ કર્યું છે કે, અગાઉ મતદાર તરીકે નોંધાયેલા હોવા છતાં પરંતુ હાલની મતદાર યાદીમાં નામ ન હોય, તો ફોર્મ-૬ રજૂ કરવાથી ખોટી ઘોષણા ગણાશે નહી અને મતદાર નોંધણી અધિકારી દ્વારા કોઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં. આથી, મુસદા યાદીમાં નામ ન ધરાવતા તમામ પાત્ર નાગરિકોએ નિર્ધારિત પ્રક્રિયા અનુસાર ફોર્મ-૬ રજૂ કરવાનું રહેશે.

આ લાભ મેળવવા માટે અરજદારનું નામ દેશના અન્ય કોઈ સંસદીય કે વિધાનસભા મતવિસ્તારની યાદીમાં પહેલેથી નોંધાયેલું ન હોવું જોઈએ, તેમજ ફોર્મ-૬માં રજૂકરાયેલી તમામ વિગતો અને ઘોષણા કાયદા મુજબ સાચી હોવી અનિવાર્ય છે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આહવા-ડાંગની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

આહવામાં 'મહિલા સંમેલન'નો કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૧૯ : ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે આજરોજ આહવા ખાતે રાજ્યકક્ષાના જળસંપત્તિ અને પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો) મંત્રી ઈશ્વરસિંહ પટેલની વિશેષ ઉપસ્થિતમા સાંસ્કુતિક ભવન હોલ આહવામાં મહિલા સંમેલન નો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમા ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ ઉષાબેન પટેલ, જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ વિભાગના અધ્યક્ષા કમળાબેન રાઉત, આહવા તાલુકા પંચાયતના પ્રમુખ



વીણાબેન ગાંગુર્ડે, વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન પાડવી, સુબીર તાલુકા પંચાયતના પ્રમુખ સંજયભાઈ પવાર સહિતના જિલ્લા અને તાલુકાના સદસ્યો, અને જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, નિવાસી અધિક કલેક્ટર હિતેષભાઈ જણકાટ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એસ. ડી. તબીયાર, પ્રાયોજના વહીવટદાર ડો. મયુર પરમાર, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. હિમાંશુભાઈ ગામીત સહિતના અધિકારી કર્મચારીઓ અને મોટી સંખ્યામાં જિલ્લાના વિવિધ ગામોની મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

નવસારી આરટીઓ દ્વારા ટુ-વ્હીલરની નવી સીરીઝના પસંદગીના નંબરો માટે ઈ-હરાજી થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી, તા. ૧૯ : દેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી (RTO), નવસારી દ્વારા મોટરીંગ પબ્લીકની સગવડતા માટે ટુ-વ્હીલર નવી સીરીઝ GJ21-DL-0001 થી GJ21-DL-9999 ના સિલ્વર અને ગોલ્ડન નંબરોની ફાળવણી માટે ઓનલાઈન E-AUCTION શરૂ કરવામાં આવનાર છે.

આ હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક વાહન માલિકોએ પોતાના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી તા. ૨૩/૧૧/૨૦૨૬ થી તા. ૨૫/૧૧/૨૦૨૬ સુધીમાં વેબસાઈટ http://parivahan.gov.in પર પસંદગીના નંબરની ઓનલાઈન ફી ભરપાઈ કરવાની રહેશે.

વધુમાં, ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ વાહન ખરીદીના ૭ દિવસમાં ઓનલાઈન સી.એન.એ. (CNA) ફોર્મ ભરી દેવાનું રહેશે અને સેલ લેટરની તારીખથી ૬૦ દિવસની અંદરના અરજદારો જ આ હરાજીમાં ભાગ લઈ શકશે, જ્યારે સમય મર્યાદા બહારની અરજીઓ રદ કરવામાં આવશે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નવસારી જિલ્લાના બાગાયતી ખેડૂતો માટે APEDA રજીસ્ટ્રેશન ફરજિયાત

નવસારી, તા. ૧૯ : નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, નવસારી દ્વારા જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતોને જણાવવામાં આવે છે કે, જે ખેડૂતો પોતાની બાગાયતી પેદાશો (ફળ અને શાકભાજી) ની વિદેશમાં નિકાસ (Export) કરવા ઈચ્છતા હોય તેમના માટે એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (APEDA) ની વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

આ રજીસ્ટ્રેશન પ્રક્રિયા માટે ઈચ્છુક ખેડૂતોએ રજીસ્ટ્રેશન ફોર્મ, તાજેતરની ૮-અ તથા ૭/૧૨ ની નકલ, આધાર કાર્ડની નકલ, ખેતરનો કાચો નકશો અને ફાર્મ ડાયરી જેવા જરૂરી દસ્તાવેજો સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી (પાણીની ટાંકી પાસે, જૂની જિલ્લા તિજોરી કચેરીની સામે, મોટા બજાર, નવસારી; ફોન નં. ૦૨૬૩૭-૨૮૧૮૫૮) ખાતે રૂબરૂ સંપર્ક સાધવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

શુક્રવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૩૪

3		7	9		1	8		6
	1			6			7	
6								9
			7	5	4			
	7	4				1	2	
			1	9	2			
8								4
	4			2			9	
1		6	4		5	2		3

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૩૩નો ઉકેલ

1	5	8	6	4	9	3	7	2
2	6	3	7	1	8	9	5	4
9	7	4	3	5	2	6	1	8
7	4	6	1	9	3	8	2	5
8	1	9	5	2	4	7	6	3
3	2	5	8	6	7	1	4	9
4	3	2	9	7	1	5	8	6
5	9	1	2	8	6	4	3	7
6	8	7	4	3	5	2	9	1

વાપીમાં દિવાળીએ વાયુ પ્રદૂષણની માત્રા નિયંત્રણમાં રહી

દિવાળીથી નવા વર્ષ સુધીના ચાર દિવસરાત્રિના સમયે AQI ૨૨૦થી ૨૪૦, જ્યારે દિવસ દરમિયાન ૧૧૦થી ૧૪૦ નોંધાયો : ઉદ્યોગોમાં રજાઓ અને જીપીસીબી ની સતત મોનિટરિંગની સકારાત્મક અસર હોવાની શક્યતા : દિવાળી પહેલા માત્ર ૭૯ થી ૮૬નો એકયુઆઈ નોંધાયેલો હતો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૯ : વાપી એટલે કેમિકલ અને ઔદ્યોગિક નગરી. અહીં વર્ષભર વિવિધ ઉદ્યોગો કાર્યરત રહેતા હોવાથી વાયુ પ્રદૂષણનો પ્રશ્ન હંમેશાં ચર્ચામાં રહે છે. જોકે આ વર્ષે વાપી વાસીઓએ દિવાળીના તહેવારમાં મોટા પ્રમાણમાં ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હોવા છતાં વાપીમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ પ્રમાણમાં નિયંત્રણમાં જોવા મળી હતી. ખાસ કરીને દિવાળીથી નવા વર્ષ સુધીના તહેવારના દિવસોમાં હવાની ગુણવત્તાના આંકડાઓમાં દિવસ અને રાત્રિ દરમિયાન નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, વાપી ઉદ્યોગ નગર અને વાપી શહેર માં દિવાળીના તહેવારે દિવસોમાં રાત્રિના સમયે એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI)નો આંકડો ૨૨૦થી ૨૪૦ની આસપાસ નોંધાયો હતો, જ્યારે દિવસ દરમિયાન તેની સરેરાશ માત્રા ૧૧૦થી ૧૪૦ની આસપાસ રહી હતી. જ્યારે તારીખ ૮/ ૧૧/ ૨૦૨૬ ના રોજ રાત્રિ દરમિયાન એક યુ આઈ ૭૯ અને તારીખ ૯ /૧૧/ ૨૦૨૬ ના રોજ રાત્રે એકયુઆઇ ૮૬ નોંધાયો હતો

સામાન્ય રીતે તહેવારમાં ફટાકડાના ધુમાડા અને રજકણોને કારણે હવાની ગુણવત્તા બગડતી હોય છે, પરંતુ આ વર્ષે વાપીમાં પ્રદૂષણની સ્થિતિ વધુ વણસી ન હતી તે એક સકારાત્મક બાબત કહી શકાય.

વાપીમાં મોટી સંખ્યામાં કેમિકલ અને અન્ય ઔદ્યોગિક એકમો હોવા છતાં આ સમયગાળા દરમિયાન અનેક ઉદ્યોગોમાં રજાઓને કારણે ઉત્પાદન પ્રક્રિયા બંધ અથવા મર્યાદિત રહી હતી. જેના કારણે ઔદ્યોગિક પ્રદૂષણમાં ઘટાડો થયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ વાપીની કચેરીના મુખ્ય અધિકારીને ઉચ્ચ અધિકારી દ્વારા મળેલ સૂચના અને માર્ગદર્શન હેઠળ વાપી જીઆઈડીસી વિસ્તારમાં તેઓ અને તેમની ટીમ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું હોવાની સાથે વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવેલા ઉદ્યોગોમાં છેલ્લા એક મહિનાથી સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું. આ તમામ બાબતોની હવાની ગુણવત્તા જાળવવામાં સકારાત્મક ભૂમિકા રહી હોય તેવી શક્યતા છે.

બીજી તરફ, અન્ય શહેરોમાં વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે પ્રદૂષણવાળા વિસ્તારોમાં રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરવામાં આવે છે, જેથી ધૂળ અને રજકણોનું પ્રમાણ ઘટાડી શકાય. જોકે વાપીમાં આવા પ્રકારનો પાણીનો છંટકાવ નિયમિત જોવા મળતો નથી. તેમ છતાં આ વર્ષે હવાની ગુણવત્તાના આંકડાઓ પ્રમાણમાં સારા રહેવા એ નોંધપાત્ર બાબત છે.

ઉલ્લેખનીય છે કે, હવાની ગુણવત્તાના આંકડાઓ નોંધવા માટે ગાંધીનગરથી દર મહિને આવે તે સ્પેશિયલ વેન આવી હતી. આ મોનિટરિંગ વેન દ્વારા પણ વાપીમાં AQIનું માપ કરવામાં આવ્યું હતું. આ માપ માં સામે આવેલા આંકડાઓ મુજબ દિવસ દરમિયાન હવાની ગુણવત્તા પ્રમાણમાં સારી રહી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. આમ, ઔદ્યોગિક નગરી વાપીમાં દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાની આતશબાજી છતાં વાયુ પ્રદૂષણની માત્રા પ્રમાણમાં નિયંત્રણમાં રહેવી એ રાહત અને આનંદની બાબત છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું મોનિટરિંગ, ઉદ્યોગોમાં ઉદ્યોગપતિઓ તેમજ કંપનીઓના સંચાલકો દ્વારા સ્વચ્છતા અને તહેવાર દરમિયાન ઉત્પાદન પ્રવૃત્તિઓમાં ઘટાડો જેવા પરિબળો આ માટે કારણભૂત હોઈ શકે છે.

આ અંગે વાપી ના એક જાગૃત નાગરિક અને પર્યાવરણ પ્રેમી તથા પદૂષણ મુદ્દે હંમેશા ફરિયાદ કરતા હોય છે તેવા એક નાગરિક દ્વારા જણાવ્યું છે કે હવે આ જાગૃતિ અને પ્રયાસો માત્ર તહેવારો પૂરતા સીમિત ન રહે, પરંતુ વર્ષભર જળવાઈ રહે તે જરૂરી છે.

વલસાડના ડો. ભૈરવી જોશીએ ભારતના સાયકલિંગ અભિયાનનું પ્રતિનિધિત્વ કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૮ : ગુજરાત વલસાડ અને ગુજરાત માટે ગૌરવની ક્ષણ સમાન પ્રસંગે, BYCS India Foundationનાં સ્થાપક ડિરેક્ટર અને ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના ફિટ ઈન્ડિયા મૂવમેન્ટનાં સાયકલિંગ એડવાઈઝર ડૉ. ભૈરવી જોશીએ તુર્કીમાં યોજાયેલી ૩૧મી કોન્ફરન્સ ઑફ ધ પાર્ટીઝ (COP31)માં ભારત સરકારના સત્તાવાર ફિટ ઈન્ડિયા પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમની સહભાગિતાએ વૈશ્વિક સ્તરે ભારતના વધતા જતા સામૂહિક સાયકલિંગ અભિયાન અને ટકાઉ પરિવહન ક્ષેત્રે ભારતના પ્રયાસોને ઉજાગર કર્યા હતા. તેમની સહભાગિતાનું મુખ્ય આકર્ષણ ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ પેવેલિયનમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય પેનલ ચર્ચાનું સંચાલન હતું. સાયકલિંગ, ટકાઉ પરિવહન અને આબોહવા પરિવર્તન અંગેની આ ચર્ચામાં BYCS Amsterdam, Walk21, World Resources Institute (WRI), The Energy and Resources Institute (TERI) અને ITDP Africa જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના નિષ્ણાતો અને પ્રતિનિધિઓ જોડાયા હતા. ડૉ. ભૈરવી જોશીએ યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઇમેટ ચેન્જ (UNFCCC)નું પ્રતિનિધિત્વ કરતાં લિન્ડિતા ઝાફેરી-સાલિહુની મુખ્ય વક્તા તરીકે સહભાગિતા સુનિશ્ચિત કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. ભારતીય પ્રતિનિધિમંડળ દ્વારા તુર્કીમાં વિશેષ સન્ડેઝ ઓન સાયકલ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા ભારતનું આ જનઆંદોલન આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચ્યું હતું.વલસાડ માટે ડૉ. ભૈરવી જોશીની COP31માં સહભાગિતા ગૌરવની બાબત છે. વલસાડથી શરૂ થયેલી તેમની સફર આજે વૈશ્વિક આબોહવા મંચ સુધી પહોંચી છે, જે સ્થાનિક સ્તરે કરવામાં આવતા સતત પ્રયાસો વૈશ્વિક સ્તરે કેવી અસર ઊભી કરી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ છે. તેમની આ સહભાગિતા એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે કે સાયકલિંગ માત્ર તંદુરસ્તી કે મનોરંજન પૂરતું સીમિત નથી, પરંતુ સ્વસ્થ સમાજ, રહેવા લાયક શહેરો અને ટકાઉ ભવિષ્યના નિર્માણનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે.



ધરમપુરમાં મહિલા સંમેલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ)

ધરમપુર, તા. ૧૯ : આદિજાતિ વિકાસ વિભાગ અને વલસાડ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે માતાઓ, બહેનો અને દીકરીઓના આત્મવિશ્વાસ તથા સશક્તિકરણ માટે ધરમપુર ખાતે ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં મહિલા સંમેલન (મહિલા સભા)નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહિલા વક્તા તરીકે પ્રદેશ મહિલા મોરચા મંત્રી સુમનબેન વળવીએ મહિલા સશક્તિકરણ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, દીકરીઓને દૂધપીતી કરવાના અને સતીપ્રથા જેવા કુરિવાજોના સમયથી લઈને આજના આત્મનિર્ભર યુગ સુધી મહિલાઓએ મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ભગવાન બિરસા મુંડાના ગૌરવશાળી ઈતિહાસ અને આદિવાસી સમાજ માટે તેમના બલિદાનને યાદ કરતા જણાવ્યું હતું કે ૨૫ વર્ષની નાની ઉંમરમાં ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજો અને મિશનરીઓ સામે ક્રાંતિની મશાલ પ્રગટાવી હતી. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં ધરમપુર નગરપાલિકાના પ્રમુખ મયંકભાઈ મોદી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી બામરોલિયા, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, બાંધકામ સમિતિ ચેરમેન ઉર્મિલાબેન બિરારી, તાલુકા વિકાસ અધિકારી ધીરુભાઈ પટેલ, પ્રદેશ આદિજાતિ મોરચા મહામંત્રી મહેન્દ્રભાઈ ચૌધરી, જિલ્લા સંગઠન એસટી મોરચા પ્રમુખ ધનેશ ચૌધરી, તાલુકા સંગઠન પ્રમુખ કેતન વાળુ, શહેર સંગઠન પ્રમુખ અમિત ચોરરા, વલસાડ ટ્રાઈબલ ડેવલપમેન્ટ ઓફિસર ગૌતમ લાદાણી, અગ્રણી ગણેશ બિરારી, સંબંધિત વિભાગના અધિકારીક કર્મચારીઓ અને ખૂબ જ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડની હોકી ખેલાડીની ગુજરાતની ટીમમાં પસંદગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૮ : વલસાડ જિલ્લાના હોકી રમતની ખેલાડીની મોક્ષા યતીનભાઈ પટેલ કે જે આર.એમ. વી. એમ. ઈંગ્લિશ મીડીયમ સ્કુલ, વલસાડમાં અભ્યાસ કરે છે, જેની હોકી ગુજરાતની જુનિયર ટીમમાં પસંદગી થઈ છે તે હવે અસ્મિતા જુનિયર વુમન હોકી લીગ ચેમ્પિયનશિપ ૨૦૨૬-૨૭માં તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૬ થી તારીખ ૨૫ નવેમ્બર ૨૦૨૬ સુધી રાજકોટ મુકામે ભાગ લેવા માટે ગયેલ છે.

તે બદલ હોકી વલસાડના પ્રમુખ પ્રા. મહેશભાઈ બી. પટેલ , ઉપપ્રમુખ પ્રા. જીતેન્દ્રકુમાર એમ. ટંડેલ, મંત્રી ડો.ભાવિનકુમાર એમ. પટેલ , તેમજ હોકી વલસાડના કારોબારી સભ્યો ઓએ મોક્ષા યતીનભાઈ પટેલને અભિનંદન પાઠવી, નેશનલ સ્પર્ધામાં સારું પ્રદર્શન કરી હોકી વલસાડ અને હોકી ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી

વાપી, દમણ-સેલવાસના તમામ કરણીસેના પદાધિકારીઓની ફરી નિયુક્તિ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૯ : કરણી સેના દ્વારા ગુજરાતના તમામ પદાધિકારીઓને ફરી એકવાર તેમના પદ પર નિયુક્તિ આપવામાં આવી છે. આ નિયુક્તિ દીપક સિંહ રાજપૂત, રાષ્ટ્રીય સચિવ કરણી સેના ભારત અને યુવા પ્રમુખ ગુજરાત અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા તથા ઠાકુર બ્રિજેશ સિંહ, પ્રદેશ અધ્યક્ષ ગુજરાતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે.

સંગઠનના હોદેદારોએ જણાવ્યું હતું કે, કરણી સેના ભારત સતત રાષ્ટ્ર, સમાજ અને ભગવા ધ્વજ માટે કાર્ય કરતી આવી છે અને આગળ પણ એ જ ભાવનાથી કાર્ય કરતી રહેશે. રાષ્ટ્રીય અધ્યક્ષ બીર પ્રતાપ સિંહ અને રાષ્ટ્રીય વરિષ્ઠ ઉપાધ્યક્ષ સની સિંહના નેતૃત્વમાં સમગ્ર સંગઠન સનાતન ધર્મ અને સમાજ સેવા માટે પ્રેરણાદાયક બનીને કામ કરી રહ્યું છે. વાપી, દમણ અને સિલવાસાના તમામ ભાઈઓને સંદેશ આપતા સંગઠને જણાવ્યું કે, કરણી સેના ભારત હવે ગુજરાતમાં ફરી સંપૂર્ણ રીતે મંજૂર થઈ ચૂકી છે. તમામ પદાધિકારીઓ ફરી પોતાના પદ પર રહીને સમાજ સેવાનું કાર્ય કરશે. સમાજના મજબૂર, અસહાય અને જરૂરિયાતમંદ લોકો માટે સતત લડાઈ લડવી એ જ કરણી સેના ભારતનો સંકલ્પ છે અને એ જ તેનું લક્ષ્ય છે.



ધરમપુરમાં શ્રી રંગ અવધૂત મહારાજની ૧૨૯મી રંગ જયંતી ઉજવાઈ

શ્રી રંગપ્રભાત મંદિર અને મનહરઘાટ સ્થિત શ્રી દત્તરંગ મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે રક્તદાન કેમ્પ અને ભજન સંધ્યાનું આયોજન કરાયું હતું





(દમપણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૯ : ધરમપુર ખાતે પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી રંગ અવધૂત મહારાજની ૧૨૯મી રંગ જયંતી મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે ધરમપુરના શ્રી રંગપ્રભાત મંદિર તેમજ મનહરઘાટ સ્થિત પરમ પાવન ધામ શ્રી દત્તરંગ મંદિરમાં વિવિધ ધાર્મિક, આધ્યાત્મિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી રંગપ્રભાત મંદિર ખાતે વહેલી સવારે ઉષે પ્રાર્થના સાથે મહોત્સવનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ મહારાજનો મનોહર શણગાર, મંગળા આરતી, પાદુકા પૂજન અને રંગયાગ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બપોરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે રંગયાગની પૂર્ણાહુતિ બાદ ધૂન, પાલખી તથા સાંજની પ્રાર્થનાના કાર્યક્રમો યોજાયા હતા.

આ ઉપરાંત ધરમપુરના મનહરઘાટ સ્થિત પરમ પાવન ધામ શ્રી દત્તરંગ મંદિરમાં પણ રંગ જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વહેલી સવારે કેસર સ્નાન, પાલખી દ્વારા પ્રભાતફેરી, પાદુકા પૂજન અને બપોરે ભાવન દતબાવનીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે રક્તદાન કેમ્પ, સાંજની પ્રાર્થના અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભજનિકો દ્વારા ભજન કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

આ બંને સ્થળોએ યોજાયેલા મહોત્સવમાં ધરમપુર તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ભક્તોએ વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં સહભાગી બની દર્શન, પાદુકા પૂજન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની રહ્યું હતું. આમ, શ્રી રંગ અવધૂત મહારાજની ૧૨૯મી રંગ જયંતીના અવસરે ધરમપુરમાં ધાર્મિક શ્રદ્ધા, ભક્તિ અને સેવાભાવના સંગમ સાથે મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

ચલાની ધ વેસ્લીયન ઇંગ્લિશ મિડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં ઝળક્યા

વાપી, તા. ૧૯ : ધ વેસ્લીયન ઇંગ્લિશ મિડિયમ હાયર સેકન્ડરી સ્કૂલ, ચલા, વાપીના વિદ્યાર્થીઓએ વિવિધ રમતગમત અને શૈક્ષણિક સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. કુસ્તી સ્પર્ધામાં ધોરણ ૧૧ના વિદ્યાર્થી ઈરસાદ શેખે રાજ્યકક્ષાએ ત્રીજું સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે તાલુકાકક્ષાની સ્પર્ધામાં ઈરસાદ શેખ, આદિત્ય ગુપ્તા અને કિશન માલીએ સિલ્વર મેડલ મેળવ્યા હતા. ધોરણ ૯ના પ્રિન્સ ચૌધરીએ ગોલ્ડ મેડલ તથા ચેતન ભૂલે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. સમીમ શેખે પણ કુસ્તી સ્પર્ધામાં ભાગ લીધો હતો. ચેસ સ્પર્ધામાં ધોરણ ૩ની વિદ્યાર્થીની આર્યા સિંગે બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. ધોરણ ૯ના પ્રીતમ નિસાદે તાલુકાકક્ષાએ ભાગ લીધો હતો. ધોરણ ૧૨ના નારાયણ રાજપૂત અને દીપક દેવાશીએ પણ ચેસ સ્પર્ધામાં ભાગ લીધો હતો. દોરડાખેંચ સ્પર્ધામાં ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓએ તાલુકાકક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે વિદ્યાર્થીનીઓએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. ચિત્રસ્પર્ધામાં ધોરણ ૧૧ની વિદ્યાર્થીની અદિતિ શર્માએ તાલુકાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પોતાની કલાત્મક પ્રતિભાનો પરિચય આપ્યો હતો. બાળ વિજ્ઞાન પ્રદર્શનમાં ધોરણ ૯ની વિદ્યાર્થીનીઓ હેઝલ બહેરા અને પ્રાચી મિશ્રાએ તાલુકાકક્ષાએ સુંદર પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિઓ પાછળ વ્યાયામ શિક્ષક સોનુ પ્રસાદનું માર્ગદર્શન અને મહેનત પણ સરાહનીય રહી હતી. આ તમામ વિદ્યાર્થીઓની સફળતા બદલ શાળાનાં આચાર્યા સીમા જસ્ટીન, ચેરમેન, ટ્રસ્ટીઓ તથા સમગ્ર શિક્ષકગણે વિદ્યાર્થીઓ અને વ્યાયામ શિક્ષક સોનુ પ્રસાદને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં તેમજ ભવિષ્યમાં પણ આવી જ સફળતાઓ પ્રાપ્ત કરતા રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

સેગવા સ્વપ્નેશ્વર મહાદેવનો ૧૫મો પાટોત્સવ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૮ : જ્યોતિ જેનુ સ્વરૂપ છે, નિર્મલ જ્ઞાન જેના નેત્ર છે, સ્વયં લિંગ સ્વરૂપ એવા પરમ શાંત કલ્યાણમય ભગવાન શિવને વંદન સહ સૌ શિવભક્તોને જણાવવાનું કે દેવ ઉઠી એકાદશી ના પવિત્ર દિવસે પરમ પૂજય સદ્ગુરુ મહારાજ, પૂજયશ્રી ચોથારામ બાપુ તથા શ્રી સ્વપ્નેશ્વર મહાદેવની અસીમ કૃપાથી શ્રી સ્વપ્નેશ્વર મહાદેવના પંદરમા પાટોત્સ્વ નિમિત્તે વિક્રમ સંવત ૨૦૮૩ કારતક સુદ અગિયારસ શુક્રવાર તા. ૨૦/૧૧/૨૦૨૬ ના દિને સર્વ કલ્યાણ શાંતિ હવન યજ્ઞનુ તથા રાત્રે ભજન કિર્તનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આપ સૌ ભાવિક ભકતોને પધારવા નિમંત્રણ છે.

કર્મકાંડી યુવા કથાકાર શાસ્ત્રીજી શ્રી ઋષીકેશ મનુભાઈ ભટ્ટ (ખેરગામવાળા) શાસ્ત્રોક્ત પૂજા વિધિ કરાવશે. જેમાં મુખ્ય યજમાન તરીકે તૃપ્તિ અને જયદીપ પટેલ દંપતી ભાગ લેશે પૂજા પ્રારંભ સવારે ૮:૦૦ થી ૧૨:૩૦ દરમિયાન સંપન્ન થશે રાત્રે ૮઼૩૦ વાગે વાવ ભજન મંડળ સંકીર્તન કરશે. શ્રી અશોકાનંદજી, ગણપતભાઈ પટેલ, શિવ પરિવાર સમિતિ સુરત તથા હરિૐ મંડળ સેગવા સહભાગી થવા આમંત્રણ આપે છે.

કોઠારખોરી ફળિયા પ્રા. શાળામાં તારપા નૃત્ય યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાનાપોંઢા, તા. ૧૯ : નાનાપોંઢા તાલુકાની કોઠાર ખોરી ફળિયા પ્રાથમિક શાળામાં આદિવાસી સમાજની પરંપરાગત સંસ્કૃતિને ઉજાગર કરવા તથા નવી પેઢીને પોતાની સાંસ્કૃતિક વિરાસતથી પરિચિત કરાવવાના હેતુથી તારપા નૃત્યનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ આદિવાસી સંસ્કૃતિની આગવી ઓળખ સમાન તારપા નૃત્યની પરંપરાને જીવંત કરવાનો પ્રયાસ કર્યો હતો.

આધુનિકતાના પ્રવાહમાં અનેક પરંપરાગત લોકવાદ્યો અને લોકકળાઓ ધીમે ધીમે વિસરાઈ રહી છે. ખાસ કરીને નવી પેઢી પોતાની પરંપરાગત લોકસંસ્કૃતિથી દૂર ન થઈ જાય તે માટે આવી પ્રવૃત્તિઓનું આયોજન સમયની માગ બની રહ્યું છે. આ જ વિચારને ધ્યાનમાં રાખીને શાળાના આચાર્ય ગણેશભાઈ ગાવિત દ્વારા તારપા નૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને માત્ર પાઠ્યપુસ્તકીય શિક્ષણ જ નહીં, પરંતુ પોતાની સંસ્કૃતિ, પરંપરા અને વારસાનું જ્ઞાન પણ મળે તેવો આ આયોજન પાછળનો મુખ્ય આશય હતો.

આ પ્રકારના આયોજનથી બાળકોમાં આદિવાસી સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના કેળવાશે અને પરંપરાગત લોકકળાના જતન માટે નવી પેઢી પ્રેરિત થશે. શાળાનો આ પ્રયાસ સાંસ્કૃતિક વારસાના સંવર્ધન માટે પ્રશંસનીય બની રહ્યો હતો.

પારનેરા પારડીમાં પણ મહિલા સંમેલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૮ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતિ અવસરે જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત વલસાડના પારનેરા પારડી સ્થિત ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે ધારાસભ્ય ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં મહિલા સંમેલન યોજાયું હતું. ભગવાન બિરસા મુંડાજીનું પૂજન અને દીપ -ાગટ્ય સાથે કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. આ અવસરે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતિ નિમિતે આયોજિત જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત આજે મહિલા સંમેલનનું આયોજન કરાયું છે. ભગવાન બિરસા મુંડાજીએ ૨૫ વર્ષની ઉંમરે ક્રાંતિ કરી દરેક સમાજની જાગૃતિ અને દેશની આઝાદી માટે કાર્ય કર્યું છે, જેની પાસે પ્રેરણા લઈ સમાજ ઉપયોગી કાર્યમાં સૌને સહયોગી બનવા અનુરોધ કર્યો હતો.

વલસાડ તાલુકાની પ્રગતિશીલ મહિલાઓ અંજલીબેન નાયકા અને તેજલબેન પટેલે રાજ્ય સરકારની યોજનાનો લાભ મેળવી જીવનમાં આવેલા પરિવર્તનની જાણકારી આપી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ અવસરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તેમજ વહાલી દીકરી યોજનાઓના મંજૂરી હુકમો, જ્યારે કિશોરી, સગર્ભા અને ધાત્રી માતાઓને કીટનું વિતરણ કરાયું હતું. ડુંગરી સ્ટેશન શાળાના શિક્ષિકા પ્રીતિબેન પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. બાલવિકાસ યોજના અધિકારી નીલમબેન પટેલે આભારવિધિ કરી હતી. આ અવસરે વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ, આદિજાતિ વિકાસ અધિકારી કુલદીપ ગઢવી, નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ, ઈ. ચા. તાલુકા વિકાસ અધિકારી અંકિત ઠાકોર, શહેર-ગ્રામ્ય મામલતદાર, તાલુકા અને જિલ્લા પંચાયત સભ્યો સહિત મોટી સંખ્યામાં મહિલાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



સુથારપાડામાં જોહાર કેફેની નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે મુલાકાત લીધી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૯ : જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે તા. ૧૫ નવેમ્બરે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે છોટાઉદેપુરથી વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના સુથારપાડા ખાતે એપીએમસી માર્કેટમાં શરૂ કરાયેલા 'જોહાર કેફે'નું ઈ-લોકાર્પણ કર્યું હતું. જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે નાનાપોંઢા ખાતે મંજૂરીપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ જોહાર કેફેની તા. ૧૮ નવેમ્બરે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે મુલાકાત લીધી હતી. તેમની સાથે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી યોજના વહીવટદાર આસ્થા સોલંકી અને તકેદારી વિભાગના મદદનીશ કમિશનર વિક્રમ થોરાટ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે પંચકૃષ્ણ સખી મંડળ દ્વારા સંચાલિત જોહાર કેફેની બહેનો સાથે આત્મીય સંવાદ કર્યો હતો અને તમામ બહેનો આર્થિક રીતે પ્રગતિ કરી આત્મનિર્ભર બને તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. સંવાદ દરમિયાન નાયબ મુખ્ય દંડકે બહેનોને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓ બનાવી ગ્રાહકોને પીરસવા તેમજ આ પ્રવૃત્તિ સતત ચાલુ રાખવા પ્રેરિત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર હંમેશાં આપની પડખે ઊભી છે.

નાયબ મુખ્ય દંડક સહિત ઉપસ્થિત મહાનુભાવોએ જોહાર કેફેમાં ભોજન કરી પૌષ્ટિક આદિવાસી વાનગીઓનો સ્વાદ માણ્યો હતો. કેફેની બહેનોની કામગીરીથી પ્રભાવિત થઈ નાયબ મુખ્ય દંડકે બહેનોનું સન્માન કરી પ્રોત્સાહિત કરી હતી.

સાયન્સ કોર્નર
દમણગંગા ટાઈમ્સ

Vapi Page 04
Friday 20, November 2026

ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં બાળ સપ્તાહ દરમ્યાન વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ કરાવાઈ







સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ - NCSM, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) દ્વારા તા. ૧૪ થી ૨૦ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન “Children's Week” (બાળ સપ્તાહ)ની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષની ઉજવણીની થીમ “My Day. My Rights. My Future.” રાખવામાં આવી હતી.

ઉજવણી અંતર્ગત બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા અને જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ થાય તે હેતુથી વિવિધ રસપ્રદ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં Make & Take Science Toys પ્રવૃત્તિ અંતર્ગત બાળકોએ જાતે વિવિધ વિજ્ઞાન આધારિત રમકડાં બનાવ્યાં હતાં. જેમાં પિંજરામાં પક્ષી (Bird in a Cage), સ્ટ્રોમાંથી વ્હિસલ (Straw Whistle) અને સ્ટ્રો સ્પ્રિંકલર (Straw Sprinkler) બનાવવાની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોએ સરળ સામગ્રીનો ઉપયોગ કરીને રમકડાં બનાવવાની સાથે તેની પાછળ રહેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પ્રાયોગિક રીતે સમજ્યા હતા.

પઝલ ગેમ્સ પ્રવૃત્તિ દ્વારા બાળકોની તાર્કિક વિચારશક્તિ, એકાગ્રતા અને સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, અંધશ્રદ્ધા નિવારણ નિદર્શન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વૈજ્ઞાનિક નિદર્શનો દ્વારા ચમત્કારિક લાગતી ઘટનાઓ પાછળ રહેલાં વૈજ્ઞાનિક કારણો અને સિદ્ધાંતો સમજાવવામાં આવ્યાં હતાં. આ પ્રવૃત્તિનો હેતુ બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવવા તેમજ સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.આ ઉપરાંત, સમગ્ર સપ્તાહ દરમિયાન આધુનિક ટેલિસ્કોપની મદદથી સુરક્ષિત સોલર ફિલ્ટરનો ઉપયોગ કરીને સૂર્યકલંકો (Sunspots)નું અવલોકન કરાવવામાં આવ્યું હતું. સાથે જ ચંદ્ર અને શનિ ગ્રહનું પણ ટેલિસ્કોપ દ્વારા અવલોકન કરાવવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોએ સૂર્ય, તેની સપાટી પર જોવા મળતા સૂર્યકલંકો, ચંદ્ર અને શનિ ગ્રહ વિશે મહત્વપૂર્ણ જાણકારી મેળવી હતી. આકાશદર્શન કાર્યક્રમ અંતર્ગત સહભાગીઓને વિવિધ ખગોળીય પિંડોનું પ્રત્યક્ષ અવલોકન કરવાનો અનોખો અનુભવ પ્રાપ્ત થયો હતો.

સમગ્ર સપ્તાહ દરમિયાન બાળકો અને પરિવારો સહિત અંદાજે ૨૮૦ જેટલા સહભાગીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉજવણી દ્વારા સહભાગીઓને વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી વિજ્ઞાનને રસ-દ અને પ્રાયોગિક રીતે સમજવાની તક મળી હતી. જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના સ્ટાફના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

નવસારીના કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની વન અને પર્યાવરણ મંત્રીએ મુલાકાત લીધી

સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ નવસારી ખાતે ડી.ડી. લો કોલેજ કેમ્પસમાં આવેલી હોસ્ટેલ બિલ્ડિંગમાં કાર્યરત ગુજકોસ્ટ (GUJCOST) ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા એ સાયન્સ સેન્ટરની વિવિધ પ્રવૃત્તિઓ, ઉપલબ્ધ વૈજ્ઞાનિક સુવિધાઓ તથા જાણકારી મેળવી હતી. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, જિજ્ઞાસાવૃત્તિ અને સંશોધનાત્મક વિચારસરણી વિકસે તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રત્યે રુચિ વધે તે દિશામાં ગુજકોસ્ટ ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની કામગીરી મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી હોવાનું જણાવ્યું હતું. તેમણે વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં નવીનતા, સંશોધન અને પ્રયોગાત્મક શિક્ષણના મહત્વ અંગે જાણકારી મેળવી સાયન્સ સેન્ટરની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આવા કેન્દ્રો દ્વારા વિદ્યાર્થીઓને પ્રયોગાત્મક શિક્ષણની તક મળી વિજ્ઞાન ક્ષેત્રે નવીન વિચારો અને સંશોધન માટે પ્રોત્સાહન મળે છે.



બીલીમોરાના વિદ્યાર્થીઓએ ૮ મીનીટમાં ૨૦૦ દાખલા ઉકેલ્યા

૭૦માંથી ૬૬ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય એબેકસ સ્પર્ધામાં વિજેતા થઈ બીલીમોરાનું નામ રોશન કર્યુ




સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી

અમદાવાદના ગેલેક્સી ૯૦ ખાતે શનિવારે બેંગ્લોર સ્થિત ક્યુબેટીક એડ્યુટેક પ્રા. લિ. દ્વારા ચોથી રાષ્ટ્રીય કક્ષાની એબેકસ એન્ડ મેન્ટલ એરિથમેટિક સ્પર્ધા-૨૦૨૬ યોજાઈ હતી. જેમાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને કેરળ સહિત દેશભરમાંથી કુલ ૧,૪૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બીલીમોરાના ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ૬૬ વિદ્યાર્થીઓએ વિવિધ શ્રેણીઓમાં વિજેતા બની બીલીમોરાનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું હતું. જેમાં બીલીમોરાના પ્રુથિત પટેલ, દેવાંશ પટેલ અને રિધમ પટેલે પ્રથમ સ્થાન મેળવી ચેમ્પિયન બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. જ્યારે જૈની ટંડેલ, વિહાન પટેલ, કીનવ પટેલ, નિર્વિ પટેલ, અદિતિ પટેલ, ખનક પટેલ, મંથ પટેલ, ગીતાંશ દેસાઈ, અંક પટેલ અને શિવ પટેલે પ્રથમ ઉપવિજેતા તરીકે સ્થાન મેળવ્યું હતું. માર્યમ મેમન, કાવ્ય પટેલ, દર્શ પટેલ, પાર્થ પટેલ, તિથી પટેલ, નક્ષ પટેલ અને સમર્થ દ્વિતીય ઉપવિજેતા તરીકે સફળતા મેળવી હતી. તેવી જ રીતે તનય પટેલ, રાઘવ મિરાસે, કવ્યેશ અહાલે, દીવ પટેલ અને આર્યા પટેલે તૃતીય ઉપવિજેતા, જ્યારે કીશીવ પટેલ, દ્વિજા પટેલ, એલીના પટેલ, દેવાંશી પટેલ, ધૈર્ય પટેલ અને જીષા દેસાઈએ ચતુર્થ ઉપવિજેતા તરીકે ટ્રોફી મેળવી હતી. આ ઉપરાંત બીલીમોરાના અન્ય ૩૫ વિદ્યાર્થીઓએ મેરિટ ટોપ-૧૦ શ્રેણીમાં સ્થાન મેળવી ટ્રોફી હાંસલ કરી હતી. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ માત્ર આઠ મિનિટના ટૂંકા સમયમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારના કુલ ૨૦૦ દાખલાઓ ચોકસાઈપૂર્વક ઉકેલવાના હતા. સ્પર્ધામાં દૃશ્ય અને શ્રવણ એમ બે શ્રેણીઓમાં વિદ્યાર્થીઓએ પોતાની ગણતરીની ઝડપ, એકાગ્રતા અને યાદશક્તિનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધાની તૈયારી માટે વિદ્યાર્થીઓ છેલ્લા બે મહિનાથી સતત મહેનત કરી રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત થતાં વાલીઓમાં પણ આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી હતી. ક્યુબેટીક સંસ્થા ૭ થી ૧૪ વર્ષનાં બાળકોના બૌદ્ધિક વિકાસના હેતુથી એબેકસ તાલીમ આપે છે. ભારત ઉપરાંત અમેરિકા, કેનેડા, ન્યુઝીલેન્ડ, વિયેતનામ અને ઘાના સહિત છ દેશોમાં કાર્યરત આ સંસ્થાનાં ભારતમાં ૧૫૦થી વધુ તાલીમ કેન્દ્રો અને ૫૦થી વધુ શાળાઓમાં કાર્યક્રમો ચાલે છે. સંસ્થાના સંચાલક જગદીશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ રાષ્ટ્રીય સ્પર્ધામાં બીલીમોરાના વિદ્યાર્થીઓએ મેળવેલી સિદ્ધિ બદલ સંસ્થા દ્વારા તમામ વિજેતાઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

ટોરીડ ઉલ્કાવર્ષાનો નજારો જોવા મળ્યો

દુનિયાભરમા નવેમ્બરમાં આકાશમાં ટોરીડસ ઉલ્કાવર્ષાનો અદભુત નજારો જોવા મળ્યો છે.. સ્વચ્છ આકાશમાં કલાકના ૫૦ થી ૧૦૦ થી વધુ ઉલ્કા પડતી જોવાનો લ્હાવો છે.વિશ્વના ખગોળવૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીયવિસ્તારોમાં નજારો નિહાળવા મળશે આકાશમાં રીતસર ઉલ્કાનો વરસાદ નિહાળવા સાથે દિવાળીના ફટાકડાનીઆતશબાજીનો રોમાંચ માણવા જેવો હોય છે.



ટોરીડ ઉલ્કાઓ તેમની ગતિ માટે જાણીતી છે. અન્ય ઉલ્કાઓની સરખામણીએ તે વાતાવરણમાં થોડી ધીમી ગતિએ (આશરે ૬૫,૦૦૦ માઇલ પ્રતિ કલાક) પ્રવેશે છે. કદમાં મોટી હોવાને કારણે તે આકાશમાં ખૂબ જ તેજસ્વી પ્રકાશ અને ધડાકા સાથે ફાયરબોલ એટલે કે અગનગોળા જેવો નજારો પેદા કરે છે. ઓક્ટોબરના અંતમાં અને નવેમ્બરની શરૂઆતમાં વધુ સક્રિય રહેતી હોવાથી તેને વૈજ્ઞાનિકો અને ખગોળપ્રેમીઓ હેલોવીન ફાયરબોલ્સ તરીકે પણ ઓળખે છે.

ટોરીડ ઉલ્કાવર્ષા હાલ સક્રિય છે.સધર્ન ટોરીડ્સ૪-૫ નવેમ્બરની રાત્રે અને નોર્ધન ટોરીડ્સ ૧૧-૧૨ નવેમ્બરની આસપાસ શિખરે પહોંચ્યો હતો . જોકે, કલાકદીઠ ૫૦ થી ૧૦૦ ઉલ્કા જેવો દાવો વૈજ્ઞાનિક રીતે સાચો નથી—આ ઉલ્કાવર્ષા ઓછી સંખ્યામાં પણ ખૂબ તેજસ્વી ઉલ્કા માટે પ્રખ્યાત છે. આદર્શ અંધારિયા આકાશ અને ચંદ્રપ્રકાશના દખલ વિના, સધર્ન ટોરીડ્સ અને નોર્ધન ટોરીડ્સ પ્રત્યેક કલાકે આશરે ૫ ઉલ્કા આપે છે. જ્યારે બંને ધારાઓ એકસાથે



વિજ્ઞાનજગત
લેખક :દીપક જગતાપ

સક્રિય હોય, ત્યારે કુલ ૫ થી ૧૦ ઉલ્કા પ્રતિ કલાક જોઈ શકાય.

તેમ છતાં ટોરીડ્સની ખાસિયત એ છે કે તેમાં સમયે-સમયે ફાયરબોલ દેખાય છે—એટલે કે શુક્ર ગ્રહ જેટલા અથવા તેનાથી પણ તેજસ્વી દેખાતા, લાંબા પ્રકાશ પથવાળી ઉલ્કા દેખાય છે.

ઉલ્કા ક્યાંથી આવે છે?

ટોરીડ ઉલ્કાવર્ષા ધૂળ, કાંકરા અને નાના પથ્થરોના વિશાળ ઝુંડ—ટોરીડ મિટિઓરોઇડ કોમ્પ્લેક્સસાથે સંકળાયેલી છે. આ ઝુંડ મુખ્યત્વે ધૂમકેતુ 2P/Encke સાથે જોડાયેલી માનવામાં આવે છે, જે સૂર્યની ફરતે લગભગ ૩.૨૫ વર્ષમાં પ્રદક્ષિણા પૂરી કરે છે.

વૈજ્ઞાનિકોની એક પ્રબળ પરિકલ્પના એ છે કે ભૂતકાળમાં મોટો માતા-ધૂમકેતુ તૂટી ગયો હતો; તેના અવશેષોમાં ધૂમકેતુ એન્કે, કેટલાક ક્ષુદ્રગ્રહો અને ટોરીડ ઉલ્કા-ધારાઓ શામેલ છે. સધર્ન ટોરીડ્સ સીધા એન્કે ધૂમકેતુ સાથે, જ્યારે નોર્ધન ટોરીડ્સ સંભવતઃ અવશેષ ક્ષુદ્રગ્રહ ૨૦૦૪ TG10 સાથે સંકળાયેલા છે.

આ ઉલકાઓ જોવાનો શ્રેષ્ઠ સમય મધ્યરાત્રિ પછીથી પરોઢ સુધીનો છે , કારણ કે ત્યારે વૃષભ રાશિ—ઉલ્કાઓનું ઉદ્ગમ-બિંદુ—આકાશમાં ઊંચી હોય છે.ઓરાયન તારામંડળની ઉત્તર-પૂર્વ દિશામાં લાલ તારો અલ્દેબરન શોધો; તે વૃષભ રાશિના બળદની આંખ તરીકે ઓળખાય છે.

દિશાસીધા વૃષભ તરફ નહીં, પરંતુ તેનાથી લગભગ ૪૫ થી ૯૦ ડિગ્રી દૂર આકાશ જોવો; ત્યાં ઉલ્કાના પ્રકાશપથ લાંબા અને સ્પષ્ટ દેખાય છે.

શહેરના -પ્રકાશ પ્રદૂષણથી દૂર, ખુલ્લા અને અંધારિયા સ્થળે જાઓ. આંખોને અંધારામાં અનુકૂળ થવા લગભગ ૨૦-૩૦ મિનિટ જોઈએ.

૨૦૨૬માં સધર્ન ટોરીડ્સનો ‘ફાયરબોલ સ્વાર્મ’ ભાગ ૪-૫ નવેમ્બરે જોવા મળ્યા હતાં , જ્યારે નોર્ધન ટોરીડ્સ ૧૧-૧૨ નવેમ્બરે તેણે વધુ તેજ પ્રાપ્ત કર્યું હતું. આ સમયગાળામાં ચંદ્ર ઘટતી કળામાં હોવાથી ચંદ્ર-કાશનો અવરોધ ઓછો હોવાથી, જે નિરીક્ષણ માટે અનુકૂળ રહ્યો.

એન્ટિબાયોટિક્સનો બેજવાબદાર ઉપયોગ ગંભીર ખતરો બની શકે

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ અંગે જાગૃતિ ફેલાવવા માટે રેડ લાઈન અભિયાન શરૂ : સમયસર રસીકરણ કરાવવાથી અનેક ચેપી રોગો અટકાવી શકાય અને એન્ટિબાયોટિક્સની જરૂરિયાત ઘટાડી શકાય

આજના આધુનિક તબીબી યુગમાં એન્ટિબાયોટિક્સ અનેક ગંભીર બેક્ટેરિયલ ચેપની સારવાર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. એક સમય હતો જ્યારે સામાન્ય બેક્ટેરિયલ ચેપ પણ જીવલેણ બની શકતા હતા, પરંતુ એન્ટિબાયોટિક્સની શોધથી લાખો લોકોના જીવન બચાવવાનું શક્ય બન્યું છે.

જોકે, આજે આ જ જીવનરક્ષક દવાઓનો બિનજરૂરી, અયોગ્ય અને બેજવાબદાર ઉપયોગ સમગ્ર વિશ્વ માટે એક ગંભીર આરોગ્ય પડકાર બની રહ્યો છે. આ પડકાર એટલે એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR), જેને સામાન્ય ભાષામાં દવાઓ સામે સૂક્ષ્મજીવોમાં વિકસતી પ્રતિકારક શક્તિ તરીકે ઓળખવામાં આવે છે.

આજે ૧૮ થી ૨૪ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન ઉજવાતા વિશ્વ એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહનો મુખ્ય હેતુ લોકોમાં આ જોખમ અંગે સમજ કેળવવાનો, દવાઓનો યોગ્ય ઉપયોગ પ્રોત્સાહિત કરવાનો અને ભવિષ્યની પેઢીને દવા-પ્રતિરોધક ચેપના જોખમથી સુરક્ષિત રાખવાનો છે.

એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ એટલે શું?

સામાન્ય રીતે લોકો માને છે કે એન્ટિબાયોટિક્સ લેવાથી દરેક પ્રકારના ચેપમાં રાહત મળે છે,

પરંતુ આ માન્યતા સાચી નથી. એન્ટિબાયોટિક્સનો ઉપયોગ મુખ્યત્વે બેક્ટેરિયાથી થતા ચેપની સારવાર માટે થાય છે. શરદી, ઉધરસ, સામાન્ય ફ્લૂ અને મોટાભાગના વાયરલ ચેપમાં એન્ટિબાયોટિક્સ અસરકારક હોતી નથી.

જ્યારે બેક્ટેરિયા સહિતના સૂક્ષ્મજીવો સમય જતાં દવાઓની અસર સામે ટકી રહેવાની ક્ષમતા વિકસાવે છે, ત્યારે તેને એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ કહેવામાં આવે છે. પરિણામે, અગાઉ જે દવાઓથી ચેપ મટી જતો હતો તે દવાઓ હવે અસરકારક રહેતી નથી. આવી સ્થિતિમાં દર્દીને વધુ જટિલ સારવાર, લાંબા સમય સુધી હોસ્પિટલમાં રહેવું અને કેટલીક વખત વધુ જોખમી સારવારની જરૂર પડી શકે છે.

સુપરબગ્સ એટલે શું?

દવાઓની એકથી વધુ શ્રેણી સામે પ્રતિકારક ક્ષમતા ધરાવતા બેક્ટેરિયાને સામાન્ય ભાષામાં સુપરબગ્સ કહેવામાં આવે છે. આવા બેક્ટેરિયાથી થતા ચેપની સારવાર કરવી મુશ્કેલ બની શકે છે. ખાસ કરીને નવજાત શિશુઓ, વૃદ્ધો, ગંભીર બીમારીથી પીડિત વ્યક્તિઓ અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે આ જોખમ વધુ ગંભીર બની શકે છે.



વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના જુલાઈ ૨૦૨૬ ના તથ્યપત્રક મુજબ, વર્ષ ૨૦૨૩માં વિશ્વભરમાં પ્રયોગશાળામાં પુષ્ટિ થયેલા દર છ બેક્ટેરિયલ ચેપમાંથી આશરે એક ચેપ એન્ટિબાયોટિક્સ સામે પ્રતિકારક જોવા મળ્યો હતો. આ આંકડો દર્શાવે છે કે એન્ટિબાયોટિક્સનો યોગ્ય ઉપયોગ હવે માત્ર વ્યક્તિગત આરોગ્યનો નહીં, પરંતુ વૈશ્વિક જાહેર આરોગ્યનો પણ મહત્વનો વિષય બની ગયો છે.

આપણી દૈનિક જીવનશૈલીમાં કેટલીક સામાન્ય ભૂલો એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સ વધારવામાં ભાગ ભજવી શકે છે.

- સામાન્ય શરદી, ઉધરસ કે તાવમાં ડૉક્ટરની સલાહ વગર જાતે જ એન્ટિબાયોટિક્સ શરૂ કરવી.
- અગાઉની બીમારીમાં લખી આપેલી દવાઓ ફરીથી ઉપયોગમાં લેવી.
- કોઈ અન્ય વ્યક્તિને આપવામાં આવેલી એન્ટિબાયોટિક્સ પોતાની બીમારીમાં લેવી.
- ડૉક્ટરની સલાહ વગર દવાની માત્રા અથવા સમયગાળો બદલવો.
- તબિયત સારી લાગતાં પોતાની રીતે સારવાર બંધ કરવી અથવા દવા બચાવીને ભવિષ્યમાં ઉપયોગ માટે રાખવી.
- બિનજરૂરી એન્ટિબાયોટિક્સની માંગ કરવી અથવા યોગ્ય પ્રિસ્ક્રિપ્શન વગર દવાઓ ખરીદવી.

ખાસ નોંધનીય બાબત એ છે કે એન્ટિબાયોટિક્સનો ઉપયોગ દરેક તાવ કે ચેપમાં જરૂરી નથી. કયા પ્રકારનો ચેપ છે અને કઈ દવા યોગ્ય છે તેનો નિર્ણય લાયક તબીબે દર્દીની સ્થિતિ અનુસાર લેવો જોઈએ.

રેડ લાઈન અભિયાન દવાની પટ્ટી પરની લાલ લીટી ઓળખવી

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ અંગે જાગૃતિ ફેલાવવા માટે રેડ લાઈન અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.કેટલીક એન્ટિબાયોટિક્સ સહિતની દવાઓના પેકેટ પર ઊભી લાલ રંગની પટ્ટી (Red Vertical Line) દર્શાવવામાં આવે છે. આ નિશાની ધરાવતી દવાઓનો ઉપયોગ તબીબી સલાહ અને યોગ્ય પ્રિસ્ક્રિપ્શન વગર કરવો નહીં.

એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સને રોકવા માટે માત્ર ડૉક્ટરો કે આરોગ્ય વિભાગની કામગીરી પૂરતી નથી. દરેક નાગરિકની સક્રિય ભાગીદારી જરૂરી છે. કોઈપણ એન્ટિબાયોટિક દવા માત્ર લાયક તબીબની સલાહ અને પ્રિસ્ક્રિપ્શન મુજબ જ લો. ૧. ડૉક્ટરની સલાહ વગર એન્ટિબાયોટિક્સ લેવી નહીં

હાથની સ્વચ્છતા જાળવવી.જમતાં પહેલાં, શૌચાલયનો ઉપયોગ કર્યા પછી અને બહારથી ઘરે આવ્યા બાદ સાબુથી હાથ ધોવાની આદત કેળવો.

રસીકરણને પ્રાથમિકતા આપવી. સમયસર રસીકરણ કરાવવાથી અનેક ચેપી રોગો અટકાવી શકાય છે અને એન્ટિબાયોટિક્સની જરૂરિયાત ઘટાડી શકાય છે. ડૉક્ટરની સલાહ મુજબ જરૂરી લેબોરેટરીની જરુરી તપાસ કરાવી યોગ્ય સારવાર મેળવવી જોઈએ.

પોતાની રીતે દવા શરૂ ન કરવી, અન્ય વ્યક્તિની દવા ન લેવી અને સારવારમાં ફેરફાર કરતાં પહેલાં તબીબની સલાહ અવશ્ય લેવી. દવાઓનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

સ્વચ્છતા અને સુરક્ષિત પાણીનું ધ્યાન રાખવું. શુદ્ધ પીવાનું પાણી, સ્વચ્છ ખોરાક, યોગ્ય સ્વચ્છતા અને ચેપ નિયંત્રણની આદતો અપનાવો.

એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ માત્ર માનવ આરોગ્ય પૂરતો મર્યાદિત નથી. પશુઓની સારવાર, પશુપાલન, ખેતી અને પર્યાવરણમાં પણ એન્ટિમાઈક્રોબિયલ દવાઓનો અયોગ્ય ઉપયોગ આ સમસ્યાને વેગ આપી શકે છે.

માનવ, પશુ અને પર્યાવરણનું સ્વાસ્થ્ય એકબીજા સાથે જોડાયેલું છે. આથી માનવ આરોગ્ય, પશુ આરોગ્ય અને પર્યાવરણના સ્વાસ્થ્યને એકસાથે ધ્યાનમાં રાખીને વન હેલ્થ અભિગમ અપનાવવો જરૂરી છે. પશુઓને દવાઓ પશુચિકિત્સકની સલાહ મુજબ જ આપવી, પશુપાલનમાં દવાઓનો બિનજરૂરી ઉપયોગ ટાળવો અને દવાઓના અવશેષોનો યોગ્ય નિકાલ કરવો પણ એટલું જ મહત્વનું છે.

એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સનો ફેલાવો વધે તો ભવિષ્યમાં સામાન્ય ચેપની સારવાર પણ મુશ્કેલ બની શકે છે. ખાસ કરીને સર્જરી, કેન્સરની સારવાર, અંગ પ્રત્યારોપણ અને ગંભીર ચેપની સારવાર દરમિયાન અસરકારક એન્ટિબાયોટિક્સ ઉપલબ્ધ હોવી અત્યંત જરૂરી છે.

ભારત સરકાર દ્વારા એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ સામે જાગૃતિ અને નિયંત્રણ માટે રાષ્ટ્રીય સ્તરે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યાં છે. નેશનલ એએમઆર સર્વેલન્સ નેટવર્ક (NARS-Net) મારફતે દવા-પ્રતિરોધક ચેપ પર દેખરેખ રાખવામાં આવે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા ICMR દ્વારા એન્ટિબાયોટિક્સના યોગ્ય ઉપયોગ, ચેપ નિયંત્રણ અને આરોગ્ય કર્મચારીઓની તાલીમ માટે માર્ગદર્શિકાઓ તથા જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. એન્ટિબાયોટિક્સની અસરકારકતા જાળવવી એ માત્ર આજની પેઢીની નહીં, પરંતુ આવનારી પેઢીઓ પ્રત્યેની આપણી જવાબદારી છે.

દવાઓનો સમજદારીપૂર્વક ઉપયોગ, સમયસર સારવાર, સ્વચ્છતા અને જનજાગૃતિ દ્વારા જ એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સના વધતા જોખમને નિયંત્રિત કરી શકાશે. આ વિશ્વ જાગૃતિ સપ્તાહ નિમિત્તે દરેક નાગરિકે એક સંકલ્પ કરવો જોઈએ કે દવા જરૂરિયાત મુજબ જ, તબીબની સલાહ મુજબ જ અને જવાબદારીપૂર્વક જ વાપરીશું.

VAPI PAGE - 5

ઉમરગામ તાલુકા વિશેષ

Friday 20, November 2026

- ઉમરગામ
- સંજાણ
- ભીલાડ
- સરીગામ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

ઉમરગામમાં વિવિધ વિકાસકાર્યો માટે રૂા.૨.૬૫ કરોડની જોગવાઈ

મનરેગા અને ન્યૂ ગુજરાત પેટર્ન સહિતની યોજનાઓ હેઠળ પાંચ વિકાસકાર્યો હાથ ધરાશે, કેટલાક કામો માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : ઉમરગામ તાલુકામાં વિવિધ સરકારી યોજનાઓ હેઠળ વિકાસકાર્યોને વેગ આપવા માટે કુલ ૨.૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ઉપલબ્ધ વિગતો મુજબ મનરેગા (MMGSY) ૨૦૨૫-૨૬, MMGSY ૨૦૨૬-૨૭ તથા ન્યૂ ગુજરાત પેટર્ન ૨૦૨૫-૨૬ અંતર્ગત કુલ પાંચ વિકાસકાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદી મુજબ મનરેગા ૨૦૨૬-૨૭ અંતર્ગત લક્ષ્મી બોરવેલનું કામ ૩૫ લાખના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે, જ્યારે MMGSY ૨૦૨૫-૨૬ હેઠળ ખોડિયાર કન્સ્ટ્રક્શન દ્વારા ૫૦ લાખના ખર્ચે વિકાસકામનો સમાવેશ કરાયો છે. તે ઉપરાંત ન્યૂ ગુજરાત પેટર્ન ૨૦૨૫-૨૬ હેઠળ માલવણમાં મોટેર કોમ્પ્લેક્સના કુંડનું કામ તથા માલવણમાં રીપેરિંગ અને અન્ય વિકાસકામ માટે અલગ-અલગ ૩૦ લાખની જોગવાઈ દર્શાવવામાં આવી છે. આ બંને કામો માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા દર્શાવવામાં આવી છે. જ્યારે MMGSY ૨૦૨૫-૨૬ હેઠળ રણજીત કન્સ્ટ્રક્શન દ્વારા ૧.૨૦ કરોડના ખર્ચે અન્ય એક વિકાસકામનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ, પાંચેય કામોની કુલ અંદાજિત રકમ ૨૬૫ લાખ એટલે કે ૨.૬૫ કરોડ થાય છે. આ વિકાસકાર્યો પૂર્ણ થતાં સંબંધિત વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓને લાભ મળવાની અપેક્ષા છે.

ધોડીપાડામાં મહિલા સંમેલન યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે સવારે ૧૧ વાગ્યે યોજાનારા આ મહિલા સંમેલનની અધ્યક્ષતા ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર કરશે. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈ વળવી, ઉમરગામ નગરપાલિકાના પ્રમુખ ખુશ્બુબેન જાદવ તેમજ સુરતના પૂર્વ મેયર હેમાલીબેન બોગાવાલાની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય અને મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવશે. જેમાં વ્હાલી દીકરી યોજના હેઠળ મરોલી ગામની પ્રિશા સુભાષભાઈ વારલીને રૂ.૧.૧૦ લાખની સહાયનો મંજૂરી હુકમ આપવામાં આવશે. જ્યારે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ લાભાર્થીને દર મહિને રૂ.૧,૨૫૦ની સહાયનો મંજૂરી હુકમ આપવામાં આવશે. આ ઉપરાંત મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત મહિલા સભામાં આંગણવાડીના લાભાર્થીઓને વિવિધ કીટનું વિતરણ કરવામાં આવશે. જેમાં માતૃશક્તિ અને પૂર્ણાશક્તિ યોજના હેઠળ લાભાર્થી મહિલાઓને કીટ આપવામાં આવશે. સાથે જ યોજનાના લાભાર્થીઓ પોતાના અનુભવો અને પ્રતિભાવો રજૂ કરી સરકારની યોજનાઓથી મળતા લાભ અંગે માહિતી આપશે. આ મહિલા સંમેલનનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી સમાજની મહિલાઓને સરકારી યોજનાઓથી માહિતગાર કરવા, મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા તેમજ સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓની ભાગીદારી વધારવાનો છે.

પ્રદૂષણની આશંકા વચ્ચે GPCBએ પાણીના નમૂના લીધા

ટોકરખાડીમાં માછલીઓના મોતથી ખળભળાટ

ખતલવાડ નજીક બે દિવસથી નાની-મોટી અસંખ્ય મૃત માછલીઓ જોવા મળતાં પર્યાવરણની સલામતી સામે સવાલો ઊભા થયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : ઉમરગામ તાલુકાના ખતલવાડ ગામ નજીકથી પસાર થતી ટોકરખાડીમાં છેલ્લા બે દિવસથી અસંખ્ય માછલીઓ મૃત હાલતમાં જોવા મળતાં સ્થાનિકોમાં ચિંતા અને રોષની લાગણી ફેલાઈ છે. ખાડીના પાણીમાં નાનીથી લઈને મોટી સાઈઝની માછલીઓ મૃત હાલતમાં તરતી જોવા મળી રહી છે, જ્યારે અનેક મૃત માછલીઓ કિનારા પર એકઠી થઈ હોવાના દૃશ્યો પણ સામે આવ્યા છે.ખાડીમાં એકસાથે આટલી મોટી સંખ્યામાં માછલીઓનાં મોત થવા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. પાણીમાં કેમિકલયુક્ત કે પ્રદૂષિત પ્રવાહ ભળ્યો હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. ઉપરાંત પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટ્યું હોવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

સ્થાનિકોમાં પ્રદૂષણ અંગેની આશંકા વચ્ચે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા ખાડીના પાણીના નમૂના લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. હવે પાણીના વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ જ માછલીઓનાં મોત પાછળનું વાસ્તવિક કારણ સ્પષ્ટ થશે. જોકે, આ ગંભીર ઘટનાને માત્ર પાણીના નમૂના લેવા અને રિપોર્ટની રાહ જોવા પૂરતી મર્યાદિત રાખી શકાય નહીં. મોટી સંખ્યામાં જળચર જીવોના મોત એ પર્યાવરણીય ચિંતાનો વિષય છે. સંબંધિત વિભાગો દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરી પાણીના સ્રોત, સંભવિત પ્રદૂષણ અને આસપાસની ઔદ્યોગિક પ્રવૃત્તિઓની તપાસ કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઊઠી છે. હવે GPCBના તપાસ અહેવાલમાં શું બહાર આવે છે અને જવાબદાર પરિબળો સામે કેવાં પગલાં લેવાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

ઉમરગામ લાયન્સ ક્લબ દ્વારા ૬,૫૦૦થી વધુ દર્દીઓને મોતિયાના ઓપરેશન કરાવ્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : ઉમરગામ લાયન્સ ક્લબ અને તેની સાથે જોડાયેલા સેવાભાવી સભ્યો દ્વારા વર્ષોથી આરોગ્યલક્ષી અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને આંખોની રોશની પાછી મળી રહે તેવા ઉમદા હેતુથી અત્યાર સુધીમાં આશરે ૬,૫૦૦થી વધુ દર્દીઓના મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે કરાવવામાં આવ્યા છે. આ સેવાકાર્ય અનેક પરિવારોના જીવનમાં નવી આશા અને ખુશી લાવવાનું માધ્યમ બન્યું છે. ઉમરગામ લાયન્સ ક્લબના પ્રમુખ અનિલ જૈન તથા ક્લબના અન્ય સભ્યો દ્વારા દર વર્ષે વિવિધ લોકહિતલક્ષી અને જનકલ્યાણનાં કાર્યો કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં જલારામ મંદિરના ટ્રસ્ટીઓ અને સભ્યો પણ સહયોગ આપી સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. આ પ્રસંગે આંખોની તપાસ અને જરૂરિયાતમંદોને ચશ્મા વિતરણની સાથે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રક્તની જરૂરિયાત ધરાવતા દર્દીઓને મદદરૂપ થવાના આશયથી યોજાયેલા રક્તદાન કેમ્પમાં રક્તદાનના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવી વધુમાં વધુ લોકોને આ સેવાકાર્યમાં જોડાવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આયોજકોએ જણાવ્યું હતું કે જરૂરિયાતમંદ લોકોની સેવા કરવી એ જ સાચી માનવતા છે. ભવિષ્યમાં પણ આવા આરોગ્યલક્ષી અને સામાજિક સેવાકીય કાર્યક્રમો સતત યોજવામાં આવશે. ઉમરગામ લાયન્સ ક્લબ અને જલારામ મંદિરના સહયોગથી હાથ ધરાતી આ પ્રવૃત્તિઓ સમાજમાં સેવા, સહકાર અને પરોપકારની ભાવનાને વધુ મજબૂત બનાવી રહી છે.

નારગોલ બીચ પર સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : વલસાડ જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે જાણીતા નારગોલ બીચ ખાતે દરરોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ મુલાકાત લેતા હોય છે. બીચની સ્વચ્છતા અને સુરક્ષા જળવાઈ રહે તેમજ પ્રવાસીઓ અને સ્થાનિક લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે તેવા હેતુથી ઉમરગામ મરીન પોલીસ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્યના દરિયાઈ સુરક્ષાની મહત્ત્વપૂર્ણ કામગીરી સંભાળતા અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા, નાયબ પોલીસ મહાનિરીક્ષક એ.એમ. મુનિયા તથા મરીન સેક્ટર કમાન્ડર અને પોલીસ અધિક્ષક એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ તા. ૧૯ નવેમ્બર ૨૦૨૬ના રોજ આ કાર્યક્રમ યોજાયો હતો. ઉમરગામ મરીન સેક્ટર લીડર નાયબ પોલીસ અધિક્ષક એ.એમ. કુગસીયા તથા મરીન ટીમ લીડર પી.એસ.આઈ. એસ.એસ. પઠાણની આગેવાનીમાં મરીન કમાન્ડો અને પોલીસ ટીમના સભ્યોએ નારગોલ બીચ ખાતે શ્રમદાન કરી સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો.

ભિલાડના જયંતિભાઈ રાણાવતે પૂર પીડિતને આશિયાનાની ભેટ આપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : ભિલાડના ધોડીપાડા ખાતે એક અનોખી ઘટના બની. ભિલાડના શ્રેષ્ઠિ જયંતિભાઈ રાણાવતે પૂર પીડિતને એના ઝુંપડા ના ઠેકાણે પાકું મકાન બનાવી ને ભેટ આપ્યું.

ચોમાસા દરમ્યાન પડેલા ભારે વરસાદ ને પરીણામે ઠેર ઠેર પાણી ભરાયા હતા. સતત પડી રહેલા મુશળધાર વરસાદ ને પરીણામે લગભગ ત્રીસ થી ચાળીસ કલાક પાણી ભરાઇ રહેતા. જીવ બચાવવા ઉચાણ વાળા વિસ્તારમાં ફક્ત પહેરેલા કપડે ભાગ્યા હતા. જેના ઝુંપડા હતા એ ઝુંપડા મા આખા વરસનું અનાજ, પહેરવાના કપડાં, રાચરચીલું, બળતણ પલંગ ઓઢવાનું તથા પાથરણા સહિત દર દાગીના સાથે પૂરના પાણી ખેચી લઇ ગયું હતું. કશું જ બચ્યું ના હતું. ગરીબો ના બેલી એવા જયંતિભાઈ રાણાવત અને એમના સુપુત્ર પિનાકીનભાઈ પરિસ્થિતિ પામી ગયા. સરપંચ વૈશાલીબેન કપિલભાઈ જાદવને મળી, મંજૂરી લઇ યોગ્ય માર્ગદર્શન મેળવી મુકેશભાઈ દત્તુભાઈ વારલીનુ પાકું મકાન બનાવી આપ્યું. આજે જલારામ જયંતી નો પવિત્ર દિવસ તથા જયંતીભાઈ રાણાવતનો પણ જન્મ દિવસ આજે મુકેશભાઈ અને એમના પરીવારને જલારામ બાપાની આરતી કર્યા બાદ વિધિવત રીતે ગૃહ પ્રવેશ આપવામાં આવ્યો. આ શુભ અવસરે સરપંચ વૈશાલીબેન તથા કપિલભાઈ વિશ્વ હિન્દુ પરિષદના પિયુષભાઈ શાહ, વાપી ના લાયન પ્રવિણાબેન શાંતિલાલ શાહ, સીમાબેન અને તરલ ગાલા, જે. એસજી પ્રેસિડેન્ટ વિપુલ રાણાવત, ઉપસરપંચ કમલેશ શાહ તથા લાયન્સ કલબ ભિલાડ, જૈન સોશ્યલ ગૃપ (બી. એસ. એફ.) તથા ગ્રામ પંચાયત ના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ જયંતીભાઈ રાણાવતને જન્મ દિવસની શુભેચ્છા આપી હતી. સમગ્ર સંચાલન પિનાકીનભાઈ એ કર્યું હતું. અંતે સૌ પ્રસાદ લઈ છુટા પડ્યા હતાં

ઉમરગામમાં જલારામ જયંતિ પર્વ ઉજવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : ઉમરગામ, ખાને કો ટુકડા ભલા લેને કો હરી નામ સૌરાષ્ટ્રના સંત શ્રી જલારામ બાપાએ અન્નદાન મહાદાન નું સૂત્ર સાર્થક કરી વીરપુરમાં દર્શન અર્થે આવતા ભક્તો માટે પ્રસાદ નો લાભ મળી રહે તે માટે ભોજન ની વ્યવસ્થા શરૂ કરી લોકોને અન્નદાન માટે પ્રેરિત કર્યા. જલારામ જયંતીના પાવન પર્વે ઉમરગામ તાલુકામાં ટીંભી જલારામ મંદિર ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આરતી તથા મહાપ્રસાદ માં હજારોની સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. લાયન્સ ક્લબ ઓફ ઉમરગામ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આ હતું. ઉમરગામ જલારામ ટેમ્પો સ્ટેન્ડ ખાતે જલારામ જયંતિ પર્વની ઉજવણી નિમિત્તે પૂજા તથા આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરગામ અકરા મારુતિ મંદિર ખાતે જલારામ જયંતિ પર્વ નિમિત્તે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આમંત્રણને માન આપી ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા આગેવાનોએ જલારામ બાપાના દર્શન કરી પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. તાલુકામાં ભીલાડ, કરમબેલી ખાતે જલારામ જયંતિ ની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

નારગોલગામને સોપારીથી નવી ઓળખ મળશે

ખેડૂત સભામાં ખેડૂતોની આવક વધારવા ગ્રામ પંચાયતની પહેલ - ખેડૂતોને સોપારીના રોપા અને મધમાખીની પેટીનું વિતરણ કરાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : સુંદર દરિયા કિનારાથી ઓળખાતું ગુજરાતનું નારગોલ ગામની હવે સોપારી બનશે નવી ઓળખ. CSR અંતર્ગત દરેક પરિવારને સોપારીના રોપા તેમજ મધપેટી વિતરણ કરવાનું આયોજન. પ્રાથમિક સર્વે માટે મળી ખેડૂત સભા.

આ અંગે મળતી માહિતી મુજબ ઉમરગામ તાલુકાના નારગોલ ગામના ખેડૂતોને ખેતીના નવા વિકલ્પો પૂરા પાડવા, તેમની આવકમાં વધારો કરવા અને ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીની નવી તકો ઊભી કરવાના હેતુથી આજે બપોરે ૨ કલાકે જગદંબાધામ, નારગોલ ખાતે સરપંચ સ્વીટી ભંડારીના પ્રમુખ હેઠળ ખેડૂત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન Forest & Enviro Creators Foundation સંસ્થા દ્વારા CSR ફંડના સહયોગથી તથા સંસ્થાના ડૉ. આર. કે. નાયરના માર્ગદર્શન અને સહયોગથી કરવામાં આવ્યું હતું. આ પહેલ અંતર્ગત નારગોલ ગામમાં સોપારીની ખેતીને પ્રોત્સાહન આપવા તેમજ મધમાખી ઉછેર અને મધ ઉત્પાદન દ્વારા ખેડૂતોને વધારાની આવક મળે તે માટે ખેડૂતો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ખેડૂત સભામાં નારગોલ ઉપરાંત સરોંડા અને મરોલી ગામના ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન ખેડૂત અગ્રણી તેમજ ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા જિલ્લા મહામંત્રી જયપ્રકાશભાઈ ભંડારીએ સોપારીની ખેતી અંગે ખેડૂતોને વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સોપારીના વાવેતરની પદ્ધતિ, છોડની માવજત, ખેતી માટે જરૂરી બાબતો અને બજારમાં તેની વધતી માંગ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે નારગોલના માજી સરપંચ યતિનભાઈ ભંડારીએ જણાવ્યું હતું કે સોપારીની બજારમાં સારી માંગ હોવાથી ખેડૂતોને સારો ભાવ મળી શકે છે. નારગોલ વિસ્તારમાં સોપારીની ખેતી માટે અનુકૂળ વાતાવરણ અને સારી સંભાવનાઓ છે. જો ખેડૂતો પોતાના ઘરના આંગણે, ખેડૂત ઘરની આજુબાજુ તેમજ ખેતરમાં સોપારીનું વાવેતર કરે તો ભવિષ્યમાં તે આવકનું એક સારું સાધન બની શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સોપારીની સાથે મધમાખી ઉછેરને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. મધમાખી ઉછેરથી મધ ઉત્પાદનની સાથે પરાગનયન દ્વારા ખેતીમાં પણ ફાયદો થઈ શકે છે. ગ્રામ પંચાયત દ્વારા મધ અને સોપારી માટે કલેક્શન સેન્ટર ઊભું કરવાની દિશામાં કામગીરી કરવામાં આવશે, જેથી ખેડૂતોને પોતાના ઉત્પાદનના સંગ્રહ અને વેચાણ માટે યોગ્ય વ્યવસ્થા મળી રહે. મધના કલેક્શન સેન્ટરથી મધની શુદ્ધતા અને ગુણવત્તા જાળવવામાં પણ મદદ મળશે.

નારગોલમાં ઓર્ગેનિક વસ્તુઓના વેચાણ કેન્દ્રની વ્યવસ્થા પણ ઊભી થઈ રહી હોવાથી ખેડૂતોને પોતાના કુદરતી અને કૃષિ આધારિત ઉત્પાદનોના વેચાણ માટે વધુ એક બજાર ઉપલબ્ધ થશે. આ સમગ્ર આયોજનથી ખેડૂતોની આવક વધશે અને ગામમાં જ રોજગારીની નવી તકો ઊભી થશે.

આગામી દિવસોમાં ગ્રામ પંચાયત દ્વારા ખેડૂતોને સોપારીના રોપા તેમજ મધમાખી ઉછેર માટે મધમાખીની પેટીઓનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોને વાવેતર અને મધમાખી ઉછેર અંગે જરૂરી માર્ગદર્શન તથા સહયોગ પણ આપવામાં આવશે.

ગ્રામ પંચાયત નારગોલના સરપંચ સ્વીટી યતિન ભંડારીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે નારગોલ ગામના ખેડૂતો માટે આગામી દિવસોમાં ખૂબ જ સારી અને આવકવર્ધક યોજનાઓ અમલમાં મૂકવાની દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગામના વધુમાં વધુ ખેડૂતો આ યોજનાઓનો લાભ લે અને સોપારીની ખેતી તથા મધમાખી ઉછેર સાથે જોડાઈને આત્મનિર્ભર બને તેવો અમારો પ્રયાસ રહેશે. આ નવી પહેલ અંગે ખેડૂતોમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. ખેડૂતોએ પણ આ પ્રકારની યોજનાઓથી ગામના કૃષિ વિકાસને નવી દિશા મળશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા ઉપસ્થિત તમામ ખેડૂતો, મહેમાનો, માર્ગદર્શકો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. નારગોલ ગામને સોપારીની નવી ઓળખ અપાવવા અને મધમાખી ઉછેર દ્વારા ખેડૂતોની આવક વધારવા તરફ આ એક મહત્વપૂર્ણ પહેલ બની રહેશે.

ઉમરગામ તાલુકામાં ૩૨ ગ્રા.પં.ની ચૂંટણી પહેલાં સરપંચ પદના રોટેશનને અંગે ચર્ચા તેજ

રોટેશન પદ્ધતિ મુજબ બેઠક ફાળવાશે તો લાયકાત ધરાવતા યુવા અને શિક્ષિત ઉમેદવારોને તકથી વંચિત રહેવું પડશે? સરપંચપતિના વહીવટની પ્રથા સામે પણ સવાલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : ઉમરગામ તાલુકામાં આગામી સમયમાં યોજાનારી ૩૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીના ભણકારા વચ્ચે સરપંચ પદ માટે રોટેશન પદ્ધતિ લાગુ થશે કે કેમ તે મુદ્દે રાજકીય વર્તુળો સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ચર્ચા શરૂ થઈ છે. સરપંચ પદ માટે અનામત બેઠકોની ફાળવણી અને રોટેશનની પ્રક્રિયા કેવી રીતે અમલમાં આવશે તેના પર સંભવિત ઉમેદવારોની નજર મંડાયેલી છે. ગ્રામ પંચાયત એ ગ્રામ્ય વિસ્તારના વિકાસનું પાયાનું એકમ છે. સરકાર દ્વારા મળતી વિવિધ ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ, સ્થાનિક -ોનો સમયસર નિકાલ, વિકાસનાં કામોમાં ગુણવત્તા અને વહીવટમાં પારદર્શિતા જળવાય તે માટે સક્ષમ અને જવાબદાર સરપંચની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ બની રહે છે. ત્યારે સરપંચ પદ માટે ઉમેદવારોની પસંદગીમાં માત્ર રોટેશન કે અનામતની પ્રક્રિયા જ નહીં, પરંતુ લોકશાહી વ્યવસ્થામાં દરેક લાયક ઉમેદવારને યોગ્ય તક મળે તેવો અભિગમ પણ જરૂરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ભૂતકાળમાં કેટલીક ગ્રામ પંચાયતોમાં મહિલા સરપંચ ચૂંટાયા હોવા છતાં તેમના સ્થાને સરપંચપતિ દ્વારા વહીવટી નિર્ણયો લેવામાં આવતા હોવાની ફરિયાદો અને ચર્ચાઓ સામે આવી છે. મહિલા સશક્તિકરણના હેતુથી આપવામાં આવેલી જવાબદારીનો વાસ્તવિક અમલ થાય અને ચૂંટાયેલા પ્રતિનિધિ પોતે જ વહીવટ સંભાળે તે બાબત પણ મહત્ત્વની છે.બીજી તરફ, એસ.ટી., એસ.સી. અને ઓબીસી વર્ગમાં પણ અનેક શિક્ષિત, પ્રતિભાશાળી અને ઉત્સાહી યુવક-યુવતીઓ ગ્રામ્ય વિકાસમાં યોગદાન આપવા ઇચ્છુક છે. તેવી જ રીતે જનરલ કેટેગરીના યુવાનો પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સક્રિય ભાગીદારી નોંધાવવા આતુર છે. આવા સંજોગોમાં સરપંચ પદની બેઠક ફાળવણીની પ્રક્રિયા અંગે પારદર્શિતા જળવાય અને લાયક ઉમેદવારોને લોકશાહી ઢબે પોતાની ક્ષમતા સાબિત કરવાની તક મળે તેવો અભિગમ અપનાવવાની માગ ચર્ચાઈ રહી છે.ગ્રામ પંચાયતોમાં યુવાનો અને મહિલાઓની સક્રિય ભાગીદારી વધે તો વિકાસનાં કામોમાં નવી વિચારધારા, જવાબદારી અને પારદર્શિતા લાવવામાં મદદ મળી શકેછે.જોકે, અનામત અને રોટેશનની સરકારી જોગવાઈઓનું પાલન કરવાની સાથે ચૂંટાયેલા પ્રતિનિધિઓને સ્વતંત્ર રીતે કામગીરી કરવાની તક મળે તે પણ એટલું જ જરૂરી છે. હવે આગામી સમયમાં યોજાનારી ઉમરગામ તાલુકાની ૩૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સરપંચ પદ માટે બેઠકની ફાળવણી કઈ પદ્ધતિથી કરવામાં આવે છે તેના પર સૌની નજર છે. વહીવટીતંત્ર દ્વારા લાગુ પડતા નિયમો અને અગાઉની ફાળવણીને ધ્યાને રાખીને પ્રક્રિયા હાથ ધરાશે કે કેમ અને આ વખતે કઈ ગ્રામ પંચાયતમાં કઈ કેટેગરી માટે સરપંચ પદ અનામત રહેશે તે અંગેની સત્તાવાર જાહેરાત બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે.

બોરડીમાં જલારામ જયંતિએ રક્તદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૯ : બજાર ફળિયા મિત્ર ગ્રુપ બોરડી દ્વારા સોમવાર, તા. ૧૬ નવેમ્બર ૨૦૨૬ના રોજ ૨૨૭મી શ્રી જલારામ જયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વ. આત્મારામ પંત સાવે હોલ ખાતે રક્તદાન શિબિર યોજાઈ હતી, જ્યારે બોરડી કામાં ધર્મશાળા બસ સ્ટોપ ખાતે મહાભપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સંત શ્રી જલારામ બાપાએ પોતાનું સમગ્ર જીવન ગરીબ, નિરાધાર અને જરૂરિયાતમંદ લોકોની સેવા તથા અન્નદાનના કાર્ય માટે સમર્પિત કર્યું હતું. તેમના સેવાકાર્ય અને માનવતાના સંદેશને આગળ વધારવાના હેતુથી આયોજિત રક્તદાન શિબિરમાં બોરડી સહિત આસપાસનાં ગામોના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સુરતના ડો. પ્રફુલ્લ શિરોયાના સહયોગથી તથા જીઆઈડીસી લાયન્સ પુરીબેન પોપટ લાખા બ્લડ સેન્ટર, વાપીના માર્ગદર્શન હેઠળ ડો. અંતિમાબેનના નેતૃત્વમાં તેમની ટીમ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં કુલ ૪૬ યુનિટ રક્ત એકત્રિત થયું હતું, જેમાં ૪૪ પુરુષો અને ૨ મહિલાઓએ રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બજાર ફળિયા મિત્ર ગ્રુપ બોરડીના આયોજકો, ગ્રામજનો, રક્તદાતાઓ, ડોક્ટર અને તેમની ટીમ તેમજ દૂરદૂરથી સહયોગ આપનાર ભક્તોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. જલારામ બાપાના સેવાભાવી વિચારોને અનુરૂપ રક્તદાન અને અન્નદાનના સેવાયજ્ઞ થકી જયંતિની ઉજવણીને સેવાકાર્ય સાથે જોડવામાં આવી હતી.

અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Friday 20, November 2026

ભાવવધારાનો પડકાર

વિશ્વના દેશો જ્યારે આર્થિક સંકટમાં આવી પડયા અને હોર્મુઝ ખાડીની લડાઈ લંબાતી ગઈ. ક્રૂડતેલ વાહક જહાજો અટકી પડયાં ત્યારે આર્થિક સંકટ વધુ ગંભીર બનવા લાગ્યું. ભારતમાં પણ ક્રૂડતેલની અછતના કારણે પેટ્રોલ-ડીઝલ અને ખાતરની તંગી અને ભાવવધારાની શક્યતા હતી. વિપક્ષી નેતાઓએ અછત-ભાવવધારો નિશ્ચિત હોવાનો ચાર કરીને દેશમાં અરાજકતાને - આવકારતા હોય એવી છાપ પાડી હતી. આમ સંજોગો વિકટ અને વિરોધી હોવા છતાં આપણું અર્થતંત્ર સદ્ધર રહ્યું. સરકારની સમયસૂચકતા અને નીતિ નિર્ણયથી પેટ્રોલ - ડીઝલ અને ખાતરની અછત અથવા ભાવવધારો થયો નહીં. હવે સ્થિતિ બદલાઈ રહી છે. જીવનજરૂરી ચીજોના ભાવવધવાની શરૂઆત થઈ છે. આ માટે માત્ર ક્રૂડતેલ જવાબદાર નથી. અનાજ, શાકભાજી અને દૂધના ભાવ પણ વધી રહ્યા છે. કોરોના વખતથી કેન્દ્ર સરકારે સમાજના નબળા વર્ગોને વિનામૂલ્યે અનાજ આપવાની શરૂઆત કરી હતી જે હવે લંબાવવામાં આવી છે, પણ અનાજ - ઘઉં - ચોખા ઉપરાંત કઠોળ અને શાકભાજીનો પણ પ્રશ્ન છે. રિઝર્વ બેન્કનું અનુમાન છે કે, આવતા વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં માર્ચની આખરે ફુગાવો - ભાવવધારો છ ટકાથી ઘટવા લાગશે. રિઝર્વ બેન્કના આશાવાદ અને અનુમાન સાથે અર્થશાસ્ત્રીઓ સંમત નથી. તેમના મત મુજબ રિઝર્વ બેન્કે ગ્રાહક ભાવ આંકના વધારા માટે ચાર ટકાની પાળ બાંધી હતી તે ઓળંગીને છ ટકા ઉપર પહોંચી છે અને આગામી મહિનાઓમાં હોર્મુઝમાં યુદ્ધવિરામ થાય, ક્રૂડતેલનો પુરવઠો વધે તો પણ ભાવ ઘટવાની શક્યતા નથી.

અલ નીનોની કુદરતી આપત્તિ - આક્રમણ અર્થતંત્રને હચમચાવી નાખશે એવું અનુમાન છે. કેન્દ્ર સરકાર ભાવ સ્થિતિ ઉપર નજર રાખી રહી છે. દાળ - કઠોળના ભાવ વધવા લાગતાં તાત્કાલિક સ્ટોકમર્યાદા જાહેર થઈ છે, જેથી સંગ્રહખોરી અને અછતના ભયથી ભાવવધારો થાય નહીં. વાસ્તવમાં આ ભાવવધારો પુરવઠાની ખેંચના કારણે થયો છે, તેથી રિઝર્વ બેન્ક વ્યાજદર વધારે તો પણ તેની ઊલટી અસર પડશે, એમ મનાય છે. આ સંજોગોમાં જરૂરી ચીજોનો પુરવઠો જળવાઈ રહે તે જરૂરી છે. અનાજ ઉત્પાદન વધવા સાથે બફર સ્ટોક રાખવાની શરૂઆત થઈ હતી, પણ હવે અનાજ કરતાં અન્ય સામગ્રી - દૂધ - શાકભાજીની અછત છે, દુષ્કાળ પછી હવે અલ નીનો ત્રાટકવાનો ભય છે. આ સંજોગોમાં માત્ર શેરો વધે, શેરબજારમાં ફૂલગુલાબી વાતાવરણ રહે તે પૂરતું નથી. સામાન્ય નાગરિકોના જીવનમાં ભાવાંકનું મહત્ત્વ વધુ છે. હવે આગામી વર્ષે ચૂંટણીની મોસમ છે, ત્યારે મોદી સરકાર સામે ભાવસપાટી અંકુશમાં રાખવાનો પડકાર છે.

અમેરિકા, ચીન અને રશિયાના વડાઓ વચ્ચે ત્રિપક્ષીય બેઠક

મહાસત્તાઓ લડશે તો દુનિયામાં અરાજકતા :જિનપિંગ

શેનઝેનમાં ટ્રમ્પ-પુતિનની હાજરીમાં જિનપિંગની ચેતવણી



(સંપૂર્ણ સમાચાર સેવા)

શેનઝેન, તા.૧૯ : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ગુરુવારે ચીનના શેનઝેન ખાતે ઐતિહાસિક ત્રિપક્ષીય બેઠક યોજી હતી. એપેક (APEC) સમિટ દરમિયાન યોજાયેલી આ બેઠકમાં ત્રણેય મહાસત્તાઓના નેતાઓએ પરમાણુ હથિયારો ઘટાડવા, વૈશ્વિક શાંતિ જાળવવા અને પ્રાદેશિક સંઘર્ષો ઉકેલવા અંગે મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યા હતા. આ ઉપરાંત ટ્રમ્પે જિનપિંગ અને પુતિન સાથે અલગ-અલગ દ્વિપક્ષીય બેઠકો પણ યોજી હતી.

ત્રિપક્ષીય બેઠકમાં નેતાઓના નિવેદનો:

શી જિનપિંગ: ચીનના પ્રમુખ શી જિનપિંગે આ મુલાકાતને અભૂતપૂર્વ મહત્ત્વ ધરાવતી ગણાવી હતી અને કહ્યું હતું કે મોટા દેશો વચ્ચે તંદુરસ્ત વાતચીત એ વૈકલ્પિક નહીં પરંતુ ફરજિયાત છે. જો મોટા દેશો એકબીજા સામે લડશે તો વિશ્વમાં અરાજકતા ફેલાઈ જશે, જ્યારે મહાસત્તાઓ વચ્ચે સુમેળ હોય ત્યારે વિશ્વ શાંત રહે છે. તેમણે પરમાણુ યુદ્ધ ક્યારેય ન જીતી શકાય અને ન લડાવું જોઈએ તેમ જણાવી ઈતિહાસમાંથી બોધપાઠ લેવા હાકલ કરી હતી.

ડોનાલ્ડ ટ્રમ્પ: ડોનાલ્ડ ટ્રમ્પે આ મુલાકાતને ઐતિહાસિક ગણાવી હતી અને જણાવ્યું હતું કે ત્રણેય નેતાઓ વિશ્વમાં ચર્ચાઈ રહેલી તમામ સમસ્યાઓ પર વાતચીત કરશે. તેમણે પૃથ્વી પર પરમાણુ હથિયારોની સંખ્યા ઘટાડવા અને તેના ઉપયોગનું જોખમ ઓછું કરવા અંગે ચર્ચા કરવા માટે અમેરિકા, રશિયા અને ચીન અનોખી સ્થિતિમાં હોવાનું કહ્યું હતું. વ્લાદિમીર પુતિન: રશિયાના પ્રમુખ પુતિને જણાવ્યું હતું કે રશિયા, ચીન અને અમેરિકા રચનાત્મક સહયોગ દ્વારા વૈશ્વિક સ્થિરતાને મજબૂત કરી શકે છે. તેમણે શાંતિ અને સુરક્ષા જાળવવાની સંયુક્ત જવાબદારી પર ભાર મૂકતાં ઊર્જા સુરક્ષા સહિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરવાની વાત કરી હતી.

ત્રિપક્ષીય બેઠક પહેલાં ટ્રમ્પે શી જિનપિંગ સાથે લગભગ એક કલાક દ્વિપક્ષીય બેઠક યોજી હતી, જે આ વર્ષે તેમની ત્રીજી મહત્ત્વપૂર્ણ મુલાકાત હતી. તેમાં ઈરાન યુદ્ધ દરમિયાન હુમલાઓનું કેન્દ્ર બનેલી હોર્મુઝની ખાડીમાંથી તેલના સતત શિપમેન્ટને સુનિશ્ચિત કરવા તેમજ ચીન દ્વારા અમેરિકન કૃષિ ઉત્પાદનોની ખરીદી વધારવાના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

બીજી તરફ, એપેક સમિટ દરમિયાન ટ્રમ્પે પુતિન સાથે પણ ૪૦ મિનિટની અલગ બેઠક યોજી હતી; ગયા વર્ષે અલાસ્કામાં રશિયાના યુક્રેન યુદ્ધને હળવું કરવા માટે કોઈ સમજૂતી થઈ શકી નહોતી, ત્યારબાદ બંને નેતાઓ વચ્ચે આ પ્રથમ વાતચીત થઈ હતી.

ગાળો આપવાથી દેશનો વિકાસ નહીં થાય : મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ FICCIના શતાબ્દી સંમેલનને સંબોધિત કરતાં દેશની આર્થિક પ્રગતિ, ગરીબી નાબૂદી અને ઔદ્યોગિક વિકાસ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ દરમિયાન તેમણે રાજકીય વિરોધીઓને સંદેશ આપતાં જણાવ્યું હતું કે, સવાર-સાંજ માત્ર ગાળો આપવાથી દેશનો વિકાસ થતો નથી. દેશને આગળ લઈ જવા માટે સકારાત્મક વિચારધારા, યોગ્ય નીતિ અને સંકલ્પબદ્ધ પ્રયાસોની જરૂર છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે. દેશનો આર્થિક વિકાસ દર આશરે ૭ ટકા રહેવાનો અંદાજ છે. ભારતની આર્થિક પ્રગતિને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ માન્યતા મળી રહી છે. મૂડીઝ, S&P ગ્લોબલ રેટિંગ્સ, ફિચ રેટિંગ્સ, વિશ્વ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી સંસ્થાઓ ભારતના આર્થિક વિકાસ અંગે સકારાત્મક અંદાજ વ્યક્ત કરી રહી છે.

દેશની આર્થિક સ્થિતિ અંગે વાત કરતાં વડાપ્રધાને ઓક્ટોબર મહિનાના નિકાસના આંકડાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં ભારતની ગુડ્સ એક્સપોર્ટ લગભગ ૫૦ અબજ ડોલર સુધી પહોંચી હતી, જે એક મહિનાની નિકાસનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમના મતે, ભારતની આર્થિક મજબૂતી પાછળ યુવાનો, ખેડૂતો, શ્રમિકો અને ઉદ્યોગ જગતના લોકોના સંયુક્ત પ્રયાસો જવાબદાર છે. ગરીબી નાબૂદી અંગે વડાપ્રધાને જણાવ્યું હતું કે ૧૯૭૦ના દાયકામાં દેશમાં ગરીબી હટાવોનો નારો આપવામાં આવ્યો હતો. તે સમયે દેશની વસ્તી આશરે ૫૦ કરોડ હતી.

જોકે, યોગ્ય નીતિ અને મજબૂત ઈરાદાના અભાવે ગરીબી દૂર કરવાના પ્રયાસોને અપેક્ષિત સફળતા મળી નહોતી.

વડાપ્રધાને દાવો કર્યો હતો કે તેમની સરકારના છેલ્લા ૧૨થી ૧૩ વર્ષના પ્રયાસોને કારણે દેશના આશરે ૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. તેમણે વિશ્વ બેંકના અહેવાલનો ઉલ્લેખ કરતાં આ સિદ્ધિને દેશની વિકાસયાત્રાનું મહત્વપૂર્ણ પરિણામ ગણાવ્યું હતું. ભારતીય અર્થવ્યવસ્થાના છેલ્લા ૧૦૦ વર્ષના ઈતિહાસનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાને કહ્યું હતું કે દેશે લાઇસન્સ-ક્વોટા રાજ, રાષ્ટ્રીયકરણના પ્રયોગો અને એક સમયે ફેજાઇલ ફાઇવ અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવવા જેવી પરિસ્થિતિઓનો સામનો કર્યો છે.

ઈરાન બાયોલોજિકલ હથિયાર બનાવશે તો સંપૂર્ણ સફાયો કરીશું: ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૯

ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેની મુલાકાતના ગણતરીના કલાકોમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને લઈને અત્યંત આક્રમક નિવેદન આપ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન ગેસ અને બાયોલોજિકલ (જૈવિક) હથિયારો વિકસાવવા પર વિચાર કરી રહ્યું છે. ઈરાનના લોકોને 'ખતરનાક' ગણાવતા ટ્રમ્પે ખુલ્લી ધમકી આપી છે કે, 'જો ઈરાન બાયોલોજિકલ હથિયાર બનાવશે, તો અમેરિકા તેમનો સંપૂર્ણ સફાયો કરી દેશે.' ઈરાનના કથિત હથિયાર કાર્યક્રમ અંગે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'એવા કેટલાક સંકેતો મળ્યા છે કે ઈરાન ગેસ અને જૈવિક હથિયારો તરફ નજર દોડાવી રહ્યું છે, જે બિલકુલ સારી બાબત નથી. ઈરાન અન્ય કેટલીક બાબતો પર પણ કામ કરી રહ્યું છે અને અમેરિકા તેના પર ચાંપતી નજર રાખી રહ્યું છે.' ટ્રમ્પે કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, 'આ લોકો ખૂબ જ ખતરનાક છે



અને જો આવું કંઈ પણ થશે તો અમે તેમને સંપૂર્ણપણે ખતમ કરી દઈશું.' જોકે, ઈરાન કયા પ્રકારના ગેસ કે જૈવિક હથિયારોની તૈયારી કરી રહ્યું છે તે અંગે ટ્રમ્પે કોઈ સ્પષ્ટતા કરી ન હતી કે ન તો પોતાના દાવાના સમર્થનમાં કોઈ પુરાવા રજૂ કર્યા હતા. ચીનના શેનઝેન શહેરમાં પત્રકારોએ ટ્રમ્પને સવાલ કર્યો હતો કે ઈરાન સંઘર્ષનો અંત લાવવા માટે શું તેઓ ચીન અને રશિયાની મદદ લેવા માંગે છે. આ પ્રશ્નનો સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપતા ટ્રમ્પે જણાવ્યું કે, 'હું મદદ માંગવા માટે આ બંને દેશો પાસે નહીં જાવ.' વધુમાં, ચીન અને રશિયાની ભૂમિકાને બિરદાવતા તેમણે કહ્યું કે, 'ખરેખર જોવા જઈએ તો બંને દેશોએ અમેરિકા પ્રત્યે ખૂબ સકારાત્મક વલણ દાખવ્યું છે, કારણ કે તેમણે કોઈ ગોળીબાર કર્યો નથી કે સમુદ્રમાં પોતાના જહાજો પણ તૈનાત કર્યા નથી.'

બીજી તરફ, આ સંઘર્ષના નિરાકરણ માટે આગળ જતાં તેમની સાથે કોઈ રાજદ્વારી મંત્રણા થશે કે નહીં, તે મુદ્દે ટ્રમ્પે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. પોતાના પ્રવાસ દરમિયાન ટ્રમ્પે ચીન સાથેના સંબંધોને અત્યંત શાનદાર અને સન્માન પર આધારિત ગણાવ્યા હતા. તેમણે ચીનમાં મળેલા ભવ્ય સ્વાગત અને શી જિનપિંગ સાથેની મુલાકાત વખતે થયેલી મહેમાનગતિનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, બેઠકની વ્યવસ્થા અને તેમના સન્માનમાં જે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું, તેવું ચીનના ઈતિહાસમાં અગાઉ ક્યારેય બન્યું નથી. ટ્રમ્પે આ આખા ઘટનાક્રમને અમેરિકા માટે એક મોટી જીત ગણાવી હતી.

ચૂંટણીનો બહિષ્કાર નહીં, ગેરરીતિઓ સામે લડશે વિપક્ષ: રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અમેરિકાના પ્રવાસે છે. તેમણે શિકાગો યુનિવર્સિટીના કાર્યક્રમમાં ભાગ લીધો. આ દરમિયાન તેમણે પોતાના બાળપણના ગણિતના શિક્ષક સાથે મુલાકાત કરી. રાહુલ ગાંધીએ ઈઝરાયલ સાથે ભારતના સંબંધો અને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે ભારતના ઈઝરાયલ સાથે સારા સંબંધો છે અને ભારત તેની પાસેથી હથિયારો પણ ખરીદે છે, જે સારી બાબત છે. જોકે ઓક્ટોબરમાં બનેલી ઘટનાની નિંદા કરતાં તેને અત્યંત ભયાનક ગણાવી હતી અને કહ્યું હતું કે આવી ઘટના ક્યારેય બનવી જોઈએ નહીં. આ સાથે તેમણે ગાઝામાં જે કંઈ થઈ રહ્યું છે તેની



પણ નિંદા કરી હતી. ઉપરાંત રાહુલ ગાંધીએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે વિપક્ષ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે, પ્રક્રિયામાં થતી ગેરરીતિનો વિરોધ કરશે.

નકશા જુઓ ઈઝરાયલ સાથે આપણા સારા સંબંધો છે. આપણે ઈઝરાયલ પાસેથી હથિયારો ખરીદીએ છીએ અને આ સારી બાબત છે. ઓક્ટોબરમાં જે થયું તેની હું નિંદા કરું છું. મને લાગે છે કે તે અત્યંત ભયાનક હતું. આવું ક્યારેય થવું જોઈએ નહીં. પરંતુ ગાઝામાં જે થઈ રહ્યું છે તેની પણ હું નિંદા કરું છું. આ પહેલાં અમેરિકાના ઈલિનોય સ્થિત શિકાગો યુનિવર્સિટીમાં 'ધ ઈરાન વૉર એન્ડ ઈન્ડિયાઝ રોલ ઈન ધ વર્લ્ડ' કાર્યક્રમ દરમિયાન રાહુલ ગાંધીએ ભારતની ચૂંટણી પ્રક્રિયા અંગે પણ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો.

રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે વિપક્ષી પાર્ટીઓ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે, પરંતુ ચૂંટણી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓને સતત ઉજાગર કરતી રહેશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે વિપક્ષ એવું કોઈ પગલું ભરવા માંગતો નથી, જેનાથી લોકોની નજરમાં ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર સવાલ ઊભા થાય અને ભારતીય લોકશાહીની વ્યવસ્થા નબળી પડે.

અકવાન ઓડિશાના દરિયાકાંઠે ત્રાટકશે

(સંપૂર્ણ સમાચાર સેવા) ભુવનેશ્વર, તા.૧૯ : બંગાળની ખાડીમાં સર્જાયેલું ગંભીર ચક્રવાતી વાવાઝોડું 'અકવાન' હવે ભારતના પૂર્વીય દરિયાકાંઠા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને ઓડિશા અને ઉત્તર આંધ્રપ્રદેશમાં વહીવટી તંત્રને એલર્ટ કરવામાં આવ્યું છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા ૧૯ અને ૨૦ નવેમ્બરે ઓડિશાના અનેક વિસ્તારોમાં ભારે થી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. બીજી તરફ, દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની અને રાહત-બચાવની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. હવામાન વિભાગના ૧૯ નવેમ્બરના બુલેટિન મુજબ, ચક્રવાત 'અકવાન' પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાં સક્રિય છે. તે ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે. ૧૯ નવેમ્બરની સવારે વાવાઝોડું ગોપાલપુરથી આશરે ૪૯૦ કિલોમીટર અને પુરીથી ૫૫૦ કિલોમીટર દક્ષિણે હતું.

IMDના અનુમાન મુજબ, ૨૦ નવેમ્બરે બપોરની આસપાસ નરસાપુર અને પુરી વચ્ચે ગોપાલપુરની નજીક ઉત્તર આંધ્રપ્રદેશ, યાનમ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે વાવાઝોડું ત્રાટકી શકે છે.

બાંગ્લાદેશમાં ફરી હિંસા, ૨૮ જિલ્લાઓમાં બોમ્બ ધડાકા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઢાંકા, તા.૧૯

બાંગ્લાદેશ ફરી એકવાર ભીષણ રાજકીય હિંસા અને આગચંપીની આગમાં લપેટાયું છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પ્રતિબંધિત પાર્ટી અવામી લીગ દ્વારા જાહેર કરાયેલા 'લૉકડાઉન' પૂર્વે દેશભરમાં ભારે બબાલ મચી ગઈ છે. રાજધાની ઢાકા સહિત દેશના અનેક ભાગોમાં દેશી બોમ્બના ધડાકા અને તોડફોડના બનાવો સામે આવ્યા છે. છેલ્લા બે દિવસમાં ઉપદ્રવીઓએ ચટગાંવના પાંચલાઈસ વિસ્તારમાં આવેલા વચગાળાની સરકારના પૂર્વ વડા મોહમ્મદ યુનુસના પૈતૃક નિવાસસ્થાનને આગ ચાંપી દીધી હતી. આ ઉપરાંત સિલહટ, રાજશાહી, બારીસાલ અને ફરીદપુરમાં યુનુસની 'ગ્રામીણ બેંક'ની અનેક શાખાઓને પણ આગના હવાલે કરવામાં આવી છે. બીજી તરફ, વડાપ્રધાન તારિક રહેમાનની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના કાર્યકરોએ પણ ઢાકામાં અવામી લીગના બે નેતાઓના ઘર પર હુમલો કરી આગ લગાવી હોવાના અહેવાલ છે.

બાંગ્લાદેશના કુલ 64 વહીવટી જિલ્લાઓમાંથી 28 જિલ્લાઓમાં ડઝનબંધ દેશી બોમ્બ ફૂટ્યા છે અને અનેક વાહનોને ફૂંકી મારવામાં આવ્યા છે. પશ્ચિમી નરાઈલ જિલ્લામાં BNPની રેલી પર અવામી લીગના કાર્યકરોના હુમલામાં સત્તાધારી પક્ષના બે સ્થાનિક નેતાઓના મોત થયા છે. આ ઉપરાંત ફરીદપુર અને પિરોજપુરમાં એક BNP નેતા અને એક પરિવહન કર્મચારીનું મોત નિપજ્યું છે,

જ્યારે ઢાકામાં ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે. 5 ઓગસ્ટ 2024ના રોજ વિદ્યાર્થી આંદોલન બાદ સત્તા ગુમાવીને ભારતમાં આશ્રય લઈ રહેલા શેખ હસીનાને ગત વર્ષે એક વિશેષ ટ્રિબ્યુનલે માનવતા વિરુદ્ધના ગુનાઓ બદલ ગેરહાજરીમાં ફાંસીની સજા સંભળાવી હતી. આ સજાની વરસી નિમિત્તે અવામી લીગે લૉકડાઉનનું એલાન આપ્યું છે.

ભારતે ઈઝરાયલ સાથે બરાક મિસાઈલ સિસ્ટમ અપગ્રેડ ડીલ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૯ : ભારતીય નૌકાદળની દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે ભારતે ઈઝરાયલ સાથે આશરે ૩.૧,૯૭૬.૪૦ કરોડનો મહત્વપૂર્ણ સંરક્ષણ કરાર કર્યો છે. આ કરાર હેઠળ ભારતીય નૌકાદળનાં યુદ્ધજહાજો પર તૈનાત બરાક (BARAK) પોઇન્ટ ડિફેન્સ મિસાઇલ સિસ્ટમનું આધુનિકીકરણ કરવામાં આવશે. સંરક્ષણ મંત્રાલય અને ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ (IAI) વચ્ચે થયેલા આ કરારથી નૌકાદળની હવાઈ સંરક્ષણ ક્ષમતામાં વધારો થવાની અપેક્ષા છે.

આ કરાર હેઠળ બરાક મિસાઈલ સિસ્ટમના હાર્ડવેર અને સોફ્ટવેર બંનેમાં વ્યાપક અપગ્રેડ કરવામાં આવશે. સમય જતાં સંરક્ષણ પ્રણાલીઓમાં વપરાતી ટેકનોલોજી જૂની થઈ જાય છે અને તેના કેટલાક સ્પેરપાર્ટ્સ મળવા મુશ્કેલ બને છે. આવી સ્થિતિને ધ્યાનમાં રાખીને જૂના ઘટકોને આધુનિક વિકલ્પોથી બદલવામાં આવશે. આ પ્રક્રિયાને 'ઓબ્સોલેસન્સ મેનેજમેન્ટ' એટલે કે અપ્રચલિત ઘટકોનું વ્યવસ્થાપન કહેવામાં આવે છે. તેના કારણે લાંબા સમય સુધી મિસાઈલ સિસ્ટમની વિશ્વસનીયતા અને કાર્યક્ષમતા જાળવી શકાશે.

બરાક પોઈન્ટ ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ ભારતીય નૌકાદળનાં યુદ્ધજહાજો માટે મહત્ત્વપૂર્ણ હવાઈ સંરક્ષણ કવચ તરીકે કાર્ય કરે છે. સમુદ્રમાં કામગીરી દરમિયાન જહાજો સામે ઊભાં થતાં હવાઈ જોખમોનો સામનો કરવા માટે આ સિસ્ટમ ઉપયોગી છે. અપગ્રેડ બાદ સિસ્ટમની વિશ્વસનીયતા, પ્રતિભાવ ક્ષમતા અને લક્ષ્યને ઓળખી તેનો સામનો કરવાની ક્ષમતામાં સુધારો થવાની અપેક્ષા છે.

ખાસ કરીને દરિયાઈ ક્ષેત્રમાં વધતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને આ આધુનિકીકરણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. વર્તમાન સમયમાં દરિયાઈ સુરક્ષા સામે ડ્રોન, દુશ્મન દેશોની મિસાઈલો અને અન્ય હવાઈ જોખમોનો પડકાર વધી રહ્યો છે. આવા સંજોગોમાં યુદ્ધજહાજોની આસપાસ સુરક્ષાનું મજબૂત કવચ હોવું અત્યંત જરૂરી છે.

બરાક સિસ્ટમનું આધુનિકીકરણ ભારતીય નૌકાદળને આવી પરિસ્થિતિઓનો વધુ અસરકારક રીતે સામનો કરવામાં મદદરૂપ બનશે.

ખાસ કરીને યુદ્ધજહાજોની નજીકના વિસ્તારમાં ઊભાં થતાં જોખમો સામે પોઇન્ટ ડિફેન્સ સિસ્ટમ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ભારત અને ઈઝરાયલ વચ્ચે સંરક્ષણ ક્ષેત્રમાં લાંબા સમયથી સહયોગ રહ્યો છે. આ નવો કરાર બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે. સાથે જ ભારતીય નૌકાદળનાં વર્તમાન યુદ્ધજહાજોને આધુનિક ટેકનોલોજીથી સજ્જ રાખવામાં મદદ મળશે.

પ. રેલ્વેના પીઆરઓ તરીકે અરુણ કુમાર મીણા



૨૦૧૪ બેચના ભારતીય રેલ્વે ટ્રાફિક સેવા (IRTS) અધિકારી અરુણ કુમાર મીણાએ ૧૯ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ પશ્ચિમ રેલ્વેના નવા મુખ્ય જનસંપર્ક અધિકારી તરીકેનો કાર્યભાર સંભાળ્યો.

IIT બોમ્બેના ભૂતપૂર્વ વિદ્યાર્થી, શ્રી મીણા ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં ટેકનોલોજીમાં સ્નાતક અને ટેકનોલોજીમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે. તેમને રેલ્વે કામગીરી અને વાણિજ્યિક પ્રવૃત્તિઓના વિવિધ પાસાઓનું સંચાલન કરવામાં સમૃદ્ધ અને વૈવિધ્યસભર અનુભવ છે. મુખ્ય જનસંપર્ક અધિકારી તરીકેની તેમની નવી ભૂમિકા પહેલાં, તેમણે મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર તરીકે સેવા આપી હતી. તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન, તેમણે પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં સિનિયર ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર (જનરલ) અને મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનમાં ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર (જ), ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર અને આસિસ્ટન્ટ ઓપરેશન્સ મેનેજર (M) જેવા મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા હતા. તેમણે પૂર્વ રેલ્વેના માલદા ડિવિઝનમાં આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર તરીકે પણ સેવા આપી હતી.

તેમના કાર્યકાળ દરમિયાન, તેમને તેમની અનુકરણીય સેવા અને સમર્પણ માટે પ્રતિષ્ઠિત જનરલ મેનેજર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના વ્યાવસાયિક કાર્યો ઉપરાંત, મીણાને રમતગમતમાં પણ ઊંડો રસ છે.

યુદ્ધ વચ્ચે યુક્રેનને ૪૯.૪ અબજ ડોલરની યુરોપિયન યુનિયન લોન આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

બ્રસેલ્સ, તા.૧૯

ચીનમાં વિશ્વનાં ત્રણ ટોચનાં નેતાઓ ટ્રમ્પ, જિનપિંગ અને પુતિન મળી રહ્યાં છે

ત્યારે યુરોપિયન યુનિયને યુક્રેન માટે ૪૯.૪ અબજ ડોલરની લોનનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. યુરોપિયન કમિશને બુધવારે યુક્રેનનાં અર્થતંત્ર અને ૨૦૨૭માં યુદ્ધનાં પ્રયત્નોને સપોર્ટ કરવા માટે ૪૯.૪ અબજ ડોલરની લોન આપવાની જાહેરાત કરી છે. પાંચ વર્ષથી ચાલી રહેલા યુદ્ધને કારણે યુક્રેનને નાણાકીય સહાયની તાત્કાલિક જરૂર છે. લગભગ એક વર્ષ પહેલા યુરોપિયન યુનિયનનાં નેતાઓએ ૨૦૨૬ અને ૨૦૨૭ માટે યુક્રેનની મોટા ભાગની સૈન્ય અને આર્થિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ૯૯ અબજ ડોલરની વ્યાજ વગરની લોનને સમર્થન આપ્યું હતું. યુક્રેનનાં એનર્જી અને સિવિલિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રશિયાનાં વધતા હુમલા, કાળા સમુદ્રદ્વારા થતા વેપારમાં અવરોધો દેશનાં અર્થતંત્ર પર દબાણ વધારી રહ્યાં છે. ઈયુ નેતાઓને આશા છે કે ૨૭ દેશોનાં ગ્રુપ સિવાયનાં પણ દેશો પણ યુક્રેનની મદદ કરશે. યુરોપિયન કમિશનનું માનવું છે કે યુક્રેનને આગામી વર્ષે ૭૭ અબજ ડોલરની જરૂર પડશે. કમિશનની યોજના છે કે આ રકમનો બે તૃતિયાંશ ભાગ કેપિટલ માર્કેટથી એકત્ર કરવામાં આવે. જેના કારણે યુક્રેનનાં અર્થતંત્ર માટે ૨૨ અબજ ડોલર અને તેના સૈન્ય માટે ૨૭ અબજ ડોલરની લોન મળી શકે. યુરોપિયન કમિશનનાં પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું છે કે અમને લાગે છે કે મંત્રણાનાં ટેબલ પર યુક્રેનને મજબૂતી આપવાનો આ સૌથી સારી રીત છે.

કમિશનની યોજના ઈયુ સેંકશન હેઠળ ળીઝ કરવામાં આવેલી રશિયન એસેટ્સથી મળનારા વ્યાજનો ઉપયોગ લોનની ચુકવણીમાં મદદ કરવાની છે.

અન્ય સમાચારો

ખેરગામ ગ્રા. પં. ની ચૂંટણીમાં ૧૬ વોર્ડ બેઠક જાહેર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નવસારી,તા.૧૯: નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૧૯ ડિસે.-૨૬ એ યોજાનાર છે જેના માટે રાજય ચૂંટણી આયોગના આમુખ-૯ ના પત્ર અન્વયે આગામી સમયમાં યોજાનાર ત્રીજી સામાન્ય ચૂંટણી હેઠળની ગ્રામપંચાયતના વોર્ડના બેઠકોની અનામત બેઠકો વોર્ડમાં વારાફરતી ફાળવવાની કાર્યવાહી કરવાની થતી હોય જે મુજબ પ્રાંત અધિકારી વાંસદાએ આમુખ(૧૦) થી ખેરગામ તાલુકાની ગ્રામ પંચાયતના વોર્ડના બેઠકોની અનામત બેઠકોની દરખાસ્ત સાદર કરેલ છે.

સબબ આથી હું મનીષ ગુરવાની, આઈ.એ.એસ, કલેકટર નવસારી, આમુખ-૫ થી મને મળેલ અધિકાર મુજબ ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતીફાળવણીની રીત)નિયમો ૧૯૯૪ ના નિયમ(૧૦) અનુસાર ખેરગામ તાલુકાની તમામ ગ્રામ પંચાયતોની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણી સમયે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠકો સહિત નકકી થયેલ અનામત બેઠકો વોર્ડોના નકકી કરેલ ખાસ ક્રમાંક અનુસાર ક્રમાનુસાર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સ્ત્રી બેઠકો સહિત અનામત બેઠકો તથા સામાન્ય વર્ગની સ્ત્રીઓ માટે તેમજ સામાન્ય બિનઅનામત બેઠકો વોર્ડોના નકકી કરેલ સામાન્ય ક્રમાનુસાર આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે ફાળવવા આદેશ કરું છું. ચંટણી અધિકારી નવસારી.

વોર્ડ ક્રમાંક ૧ થી ૫ મા અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી) ઉમેદવારી કરશે. ૬ મા અનુસૂચિત આદિજાતિ, સાત અને આઠમાં સામાન્ય બેઠક પણ સ્ત્રી માટે,નવ નંબરમાં અનુસૂચિત આદિજાતિ, ૧૦ મા સામાન્ય બેઠક(બિન અનામત) ૧૧ માં અનુસૂચિત આદિજાતિ, ૧૨ મા અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી), ૧૩ માં સામાન્ય બેઠક પણ બિન અનામત, ૧૪માં અને ૧૫માં અનુસૂચિત આદિજાતિ જ્યારે ૧૬ મા વોર્ડમાં અનુસૂચિત જાતિ ના ઉમેદવાર ચૂંટણી લડી શકશે. વૉર્ડ ૩-૪-૫ મા ગત વખતે સામાન્ય બેઠક હતી જે હવે ગઈ જ્યારે સાત આઠ અને દસ-તેર સામાન્ય બેઠક થઈ છે. આમ ઉમેદવારી ચાર તારીખ સુધીમાં કરવાની છે તે પહેલા વોર્ડ સભ્યો બનવામાં ભારે ચહલ પહલ થવાની શક્યતા ઊભી થઈ છે.

ઈન્ફોર્મેશન દ. ગુ. ઝોનના જોઈન્ટ ડાયરેક્ટર ડાંગની આકસ્મિક મુલાકાતે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

આહવા,તા.૧૯: માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકની માહિતી નિયામકશ્રીની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની ડાંગ જિલ્લા માહિતી કચેરી-આહવાની સાઉથ ગુજરાત ઝોનના વડા એવા

જોઈન્ટ ડાયરેક્ટર ઓફ ઈન્ફોર્મેશન શ્રી અરવિંદ મછારે આકસ્મિક મુલાકાત લીધી હતી.

દરમિયાન કચેરીના કર્મચારીઓની કામગીરી સહિત તેમની હાજરી, અને નિયમિતતા જેવા મુદ્દે વિશેષ તકેદારી રાખવા સાથે, કચેરીના પડતર પ્રશ્નો, બાકી તુમારો, અને જિલ્લા માહિતી કચેરીના નવા મકાન બાંધકામ બાબતે ચાલી રહેલી કામગીરીની સ્થળ મુલાકાત લઈ ઉપયોગી સૂચનો કર્યા હતા.

આ વેળા ઈન્ચાર્જ સહાયક માહિતી નિયામક મનોજ ખેંગારે કચેરી કામગીરી સહિત માહિતી ભવનના બાંધકામ બાબતે JDI મછારને પૂરક વિગતો રજૂ કરી હતી.

JDI ની આ મુલાકાત વેળા ડાંગ જિલ્લા માહિતી કચેરીના તમામ કર્મયોગીઓએ ઉપસ્થિત રહી, તેમની પોતાની કામગીરીથી ઝોનલ ડાયરેક્ટેને અવગત કરાવ્યા હતા.

રાજ્યમાં પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટે આવકમર્યાદા ૬ લાખ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ,તા.૧૯: આદિજાતિ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર દ્વારા પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૪૩૮.૨૭ કરોડના ખર્ચે ૫૮.૩૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. જ્યારે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૪૨૦.૨૮ કરોડના ખર્ચે ૩૨,૨૨૬ આદિજાતિ વિદ્યાર્થિનીઓને સહાય આપવામાંઆવીછે.ગુજરાતસરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા તમામ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કૌટુંબિક આવકમર્યાદા ધ્યાને લીધા વિના સહાય આપવામાં આવેછે.વર્ષ૨૦૨૧-૨૨થી૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ ૪૩૮.૨૭ કરોડના ખર્ચે ૫૮.૩૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવામાંઆવીછે.આ યોજના હેઠળ ધોરણ ૧થી પના વિદ્યાર્થીઓને ૭૫૦, ધોરણ ૬થી ૮ના કુમારોને ૭૫૦ અને કન્યાઓને ૧,૦૦૦, જ્યારે ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને ૧,૦૦૦ની સહાય મળે છે. અતિ-પછાત જૂથોના વિદ્યાર્થીઓને ધોરણ ૧થી ૫ અને ૬થી ૮ માટે ૧,૦૦૦ તથા ધોરણ ૯ અને ૧૦માટે૧,૫૦૦નીસહાયઆપવામાં આવે છે.

આ ઉપરાંત, ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ ૯ અને ૧૦ના આદિજાતિ વિદ્યાર્થીઓને વાર્ષિક ૩,૦૦૦ (ડે-સ્કોલર) અને ૬,૨૫૦ (હોસ્ટેલર)ની સહાય આપવામાંઆવેછે.આ યોજના માટે કુટુંબની વાર્ષિક આવક ૨.૫૦ લાખથી ઓછી હોવી જરૂરી છે, જ્યારે અનાથ વિદ્યાર્થીઓને આવકમર્યાદામાંથી મુક્તિ આપવામાં આવીછે.વર્ષ૨૦૨૧-૨૨થી૨૦૨૫-૨૬ દરમિયાન ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૧૮૪.૧૯કરોડના ખર્ચે૫.૩૭લાખથી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે.

જાહેર નોટિસ

આથી સર્વે જનતાને જાણ કરવામાં આવે છે કે શ્રીમતી મૌસમ ભૈવાલ ગડા (માલિક), જેઓ નીચે વધુ વિગતવાર વર્ણવેલ મિલકતનાં માલિક છે, તેમણે અમને જાણ કરી છે કે તેમના હસ્તક તથા કબજામાં તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ પ્રિન્સ ઇન્ફ્રાવેન્ટર્સ એલએલપી (Prince Infraventures LLP) અને હમ એસ્ટેટ ફેસિલિ-ટેટર્સ એલએલપી (Hum Estate Facilitators LLP) દ્વારા તેમના હિતમાં કરવામાં આવેલ અને વાપી ખાતેના સબ-રજિસ્ટ્રાર ઓફ એશ્યોરન્સની કચેરીમાં નોંધણી ક્રમાંક ૧૩૧૭૯/૨૦૨૩ હેઠળ તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ નોંધાયેલ વેચાણ દસ્તાવેજ ("ઉક્ત મૂળ દસ્તાવેજ") ઉપલબ્ધ નથી. ઉક્ત વેચાણ દસ્તાવેજ ઔદ્યોગિક ગાળા નં. ડી-૦૯ ના સંબંધમાં છે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોરનું ક્ષેત્રફળ ૮૨.૪૫ ચો.મીટર (૮૮૭.૪૯ ચો.ફૂટ) કાર્પેટ એરિયા તથા લોફ્ટ એરિયાનું ક્ષેત્રફળ ૨૭.૨૫ ચો.મીટર (૨૯૩.૩૨ ચો.ફૂટ) કાર્પેટ એરિયા છે. આ મિલકત 'ડી' બિલ્ડિંગમાં આવેલી છે, જે 'ઇન્ડિનિટી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક' તરીકે ઓળખાય છે અને નીચે દર્શાવેલ જમીન પર બાંધવામાં આવેલ છે: ઔદ્યોગિક પ્લોટ નં. ૧૬૫/સી/૧/૧ + ૧૬૫/સી/૧/૨ + ૧૬૫/સી/૧/૮ + ૧૬૫/સી/૧/૯+ ૧૬૫/સી/૧/૧૦ + ૧૬૫/સી/૧/૩ + ૧૬૫/સી/૧/૪ + ૧૬૫/સી/૧/૫ + ૧૬૫/સી/૧/૬ + ૧૬૫/સી/૧/૭ + ૧૬૫/સી/૧/૧૧ + ૧૬૫/સી/૧/૧૨ + ૧૬૫/સી/૧/૧૩ + ૧૬૫/સી/૧/૧૪ + ૧૬૫/સી/૧/૧૫, જેનું કુલ ક્ષેત્રફળ આશરે ૩૬,૭૯૭ ચો.મીટર છે અને જે રેવન્યૂ સર્વે નં. ૫૩૩, ૫૩૫, ૫૩૬, ૫૩૭, ૫૪૮, ૫૪૯ અને ૬૦૬ ધરાવે છે. આ મિલકત ગામ વાપી, તાલુકો વાપી, જિલ્લો વલસાડ, ગુજરાત રાજ્ય ખાતે આવેલી છે અને વાપી નોટિફાઇડ ઇન્ડસ્ટ્રીયલ એરિયાની હદમાં આવે છે **(ત્યારબાદ "ઉક્ત મિલકત" તરીકે ઓળખાશે).**

ઉક્ત મૂળ દસ્તાવેજ ખોવાઈ ગયો હોવાનું અથવા ક્યાંક ગેરમાર્ગે મુકાઈ ગયો હોવાનું જણાય છે અને પૂરતા પ્રયત્નો કરવા છતાં તે મળી આવેલ નથી. જો કોઈ વ્યક્તિ પાસે ઉક્ત મૂળ દસ્તાવેજ હોય અને/અથવા તે કોઈને મળી આવે અથવા ઉક્ત મૂળ દસ્તાવેજ અને/અથવા ઉક્ત મિલકત અંગે કોઈપણ પ્રકારનો હક, માલિકી, હિત, દાવો, વાંધો કે માંગણી ધરાવતી હોય, તો તે વ્યક્તિએ તેના આધારરૂપ દસ્તાવેજી પુરાવા સાથે લેખિતમાં નીચે સહી કરનારને જાણ કરવી અને/અથવા ઉક્ત મૂળ દસ્તાવેજ પરત કરવો.આ અંગેની લેખિત જાણ તથા દસ્તાવેજો નીચેના સરનામે મોકલવાના રહેશે: ૧૪૧૮, ૧૪મો માળ, વન લોઢા પ્લેસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ – ૪૦૦ ૦૧૩ ઈ-મેઇલ:snehali.karkera@sdassociates.in આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૪ (ચૌદ) દિવસની અંદર ઉપરોક્ત જાણ કરવાની રહેશે. જો નિર્ધારિત સમયમર્યાદામાં કોઈ જાણ કરવામાં નહીં આવે, તો આવી વ્યક્તિ અથવા વ્યક્તિઓના કોઈપણ દાવા અને/અથવા વાંધા માફ કરવામાં આવ્યા હોવાનું, છોડી દેવામાં આવ્યા હોવાનું, ત્યજી દેવામાં આવ્યા હોવાનું અને/અથવા પરિત્યક્ત કરવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે.

શ્રીમતી સ્નેહાલી કરકેરા
(ભાગીદાર) એસ.ડી. એન્ડ એસોસિએટ્સ
(વકીલો અને સોલિસિટર્સ)
સ્થળ : મુંબઈ તા: ૨૦.૧૧.૨૦૨૬

વાઈબ્રન્ટ ગુજરાતમાં આસામ 'પાર્ટનર સ્ટેટ' તરીકે જોડાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ,તા.૧૯: ગુજરાત સરકારના આદિજાતી વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રી નરેશભાઈ પટેલે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા સાથે મુલાકાત કરી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ઉપસ્થિત રહેવા માટે ઔપચારિક આમંત્રણ પાઠવ્યું હતું. આ મુલાકાત -સંગે ગુજરાત એનર્જી લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અવંતિકા સિંઘ અને ડેલીગેશનના સભ્યો પણ ઉપસ્થિત રહ્યાં હતા.ગુજરાત એનર્જી લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અવંતિકા સિંઘે આસામ સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે ખાસ મુલાકાત અને ચર્ચા-વિચારણા કરી હતી. આ બેઠક દરમિયાન ઓઈલ અને ગેસ ક્ષેત્રે ગુજરાતે હાંસલ કરેલી નોંધપાત્ર પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, બંને રાજ્યો વચ્ચે ઔદ્યોગિક સહયોગ, પરસ્પર રોકાણની તકો અને આંતર-રાજ્ય ભાગીદારી વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

રાજ્યમાં હાઈવે પર હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબાની તપાસ શરૂ

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૧૯ : આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગ તથા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓની એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ખાદ્ય પદાર્થોના વેચાણમાં પારદર્શિતા લાવવા અને જનઆરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં આરોગ્ય મંત્રીએ નેશનલ હાઈવે તથા રાજ્યના મુખ્ય હાઈવે પરની તમામ હોટેલ, રેસ્ટોરન્ટ, હાઈવે પરના ઢાબા અને ફૂડ સર્વિસ સાથે સંકળાયેલી તમામ પેઢીઓનું સઘન ચેકિંગ કરવા અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યા છે.

ગુજરાત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ ૧૯મી, નવેમ્બર, ૨૦૨૬થી સમગ્ર રાજ્યમાં ઓપરેશન હેલ્થ અંતર્ગત ખાસ તપાસણી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, આ મહાઅભિયાનને સફળ બનાવવા માટે તમામ મહાનગરપાલિકાઓ સહિત રાજ્યના તમામ જિલ્લાના ડેઝિગ્નેટેડ ઓફિસરોને ખાસ આદેશો જારી કરવામાં આવ્યા છે. વિશેષ કરીને, નેશનલ અને રાજ્યના મુખ્ય હાઈવે કોરિડોર પર ધમધમતી તમામ હોટેલો, રેસ્ટોરન્ટ્સ અને ઢાબાઓનું ચેકિંગ સંબંધિત જિલ્લાના ડેઝિગ્નેટેડ ઓફિસરની સીધી દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવશે.

દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

એસએનવીએ ટ્રાવેલટેક લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં યુડીઆરએચપી-૧ ફાઇલ કર્યું

સુરત, તા. ૧૯ : એસએનવીએ ટ્રાવેલટેક લિમિટેડ, ડિજિટલ પ્લેટફોર્મ અને સર્વિસ સપોર્ટ ચેનલ્સ દ્વારા ટ્રાવેલ બુકિંગ સોલ્યુશન્સ પૂરા પાડતી ઓનલાઇન ટ્રાવેલ કંપનીએ તેના સૂચિત આઈપીઓ માટે યુડીઆરએચપી-૧ ફાઇલ કર્યું છે. પ્રસ્તાવિત આઈપીઓમાં રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ ૧૨૭,૫૨૫,૦૦૦ ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર સામેલ છે. પ્રમોટર્સ અને શેર વેચનારા હિસ્સેદારો આલોક કુમાર સિંહ અને વિવેક કુમાર સિંહ પ્રત્યેક વધુમાં વધુ ૬૩,૭૬૨,૫૦૦ ઈક્વિટી શેર વેચવાનો પ્રસ્તાવ ધરાવે છે.

એસએનવીએ ટ્રાવેલટેક ટેક્નોલોજી આધારિત અને એસેટ-લાઇટ ઓનલાઇન ટ્રાવેલ એજન્સી (ઓટીએ) છે. તે પોતાની ટ્રાવોમિન્ટ વેબસાઇટ અને મોબાઇલ એપ્લિકેશન દ્વારા વિશ્વભરમાં ટ્રાવેલ બુકિંગની સુવિધા પૂરી પાડે છે. ગ્રાહકો દેશની અંદર તેમજ આંતરરાષ્ટ્રીય રૂટ પર ફ્લાઇટ્સ, હોટેલ્સ અને એરપોર્ટ ટ્રાન્સફર, ટ્રાવેલ ઇન્શ્યોરન્સ, કાર ભાડે મેળવવા તેમજ ગ્રાહકોની જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં આવતા ખાસ હોલિડે પેકેજ જેવી સંબંધિત સેવાઓની માહિતી મેળવી શકે છે,૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં કંપની ૫૦થી વધુ દેશોમાં અંતિમ ગ્રાહકોને સેવાઓ પૂરી પાડતી હતી. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં કંપનીની ટેક્નોલોજી ટીમમાં ૬૭ નિષ્ણાંતો કાર્યરત હતા.

મોબાઈલ એપ્લિકેશના કૌભાંડ અંગે સરકાર કોંગ્રેસના આક્ષેપો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ,તા.૧૯: રાજીવ ગાંધી ભવન ખાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી રણદિપસિંહ સુરજેવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા અને વિરોધ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને એસડી પે - અપના પે મોબાઈલ એપ્લિકેશન દ્વારા થયેલા કથિત કૌભાંડ અંગે કેન્દ્ર અને રાજ્ય સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪માં ધવલ પટેલ, નરેન્દ્ર સિંહ ઝાલા અને તેમના સાથીઓ દ્વારા ઉત્તર ગુજરાતથી શરૂ થયેલી આ એપ ૧૫ લાખ લોકોએ ડાઉનલોડ કરી હતી. સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં ૬,૫૨,૮૩૧ લોકોના ખાતામાંથી રૂ. ૧,૨૧૧ કરોડની છેતરપિંડી થઈ હોવાનો દાવો કરાયો છે, જે સંપૂર્ણ તપાસમાં રૂ. ૩,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ કોંગ્રેસે વ્યક્ત કર્યો છે.

આ ભોગ બનનારાઓમાં ૭૫ ટકા લોકો ગુજરાતના હોવાનું જણાવી તેમણે અમરેલી, સુરેન્દ્રનગર અને ગાંધીનગર સહિત દેશભરમાં ૧૮ એફઆઇઆર નોંધાઈ હોવાની માહિતી આપી હતી.

વાપી મહાનગરપાલિકા-વાપી

૩૯૬૧૯૧, તા. વાપી, જી. વલસાડ
(ઇલેક્ટ્રિકલ વિભાગ) (જાહેર નિવિદા નં. ૦૮/૨૦૨૬-૨૭)
(ત્રીજો પ્રયત્ન)

વાપી મહાનગરપાલિકા, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઈચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઈજારદારશ્રી પાસેથી **વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ બીજા માળે આવેલ સભાખંડમાં સાઉન્ડ સિસ્ટમની** સુવિધા પુરી પાડવાનું કામ (ત્રીજો પ્રયત્ન) માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઈન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઈ.ડી. અને ઈલેક્ટ્રિકલ વિભાગનું નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહિ. હવે પછીની બધી જ આનુષાંગિક માહિતી, નોટીફીકેશન અને સુધારા વધારા ઉપર નિર્દિષ્ટ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ શરુ કરવાની તારીખ	૨૦/૧૧/૨૦૨૬
ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ	૨૭/૧૧/૨૦૨૬
ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહી) રજુ કરવાની આખરી તારીખ	૦૪/૧૨/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી
ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ	૦૫/૧૨/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો)

જે. કે. પટેલ
સીટી ઈજનેર
વાપી મહાનગરપાલિકા
નં.માહિતી/વલસાડ/૫૭૮/૨૦૨૬

યુટી એડમિનિસ્ટ્રેશન દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

નામો હોસ્પિટલ, દમણ

જાહેરાત

દમણની નમો હોસ્પિટલ ખાતે ટૂંકા ગાળાના કરાર (STC) ધોરણે નિષ્ણાતોની જગ્યાઓ ભરવા માટે વોક-ઈન ઈન્ટરવ્યૂ

વધુ માહિતી માટે, કૃપા કરીને ઈમેલ અથવા ફોન દ્વારા સંપર્ક કરો : damannamohospital@gmail.com

Adv. No. NAMO/DMN/ Specialist/Walk-in-interview/2026-27/2208 dated:- 28.10.2026

વોક-ઈન-ઈન્ટરવ્યુની તારીખ : ૨૪.૧૧.૨૦૨૬

તબીબી અધિક્ષક, નામો હોસ્પિટલ, દમણ

No. IP/DMN/2/5/2026-27/652 DATED : 18/11/2020

કાટમાળ અંગેની જાહેર હરાજી

ગ્રામપંચાયત પરવાસા, તા. પારડી જિ. વલસાડની હદ વિસ્તારમાં પટેલ ફળિયામાં અને ધનખાઈ ઝાડી ફળિયામાં આવેલી જુની અને જર્જરીત પાણીની ટાંકી બાંધકામનો (ડીમલેશન)નો જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોય રસ ધરાવતા ઈસમોને નીચે જણાવેલ સ્થળે અને સમયે તારીખે હાજર રહી હરાજીમાં ભાગ લેવા આથી જાણ કરવામાં આવે છે.

- રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં મુકેલી જર્જરીત મકાન, સ્થળનું નિરીક્ષણ હરાજી પહેલા કરી લેવાનું રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે અનામત (ડીપોઝીટ) ની રકમ હરાજી સમય પહેલાં જમા કરવાની રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે સરકાર માન્ય ઓળખપત્ર સાથે લાવવાનો રહેશે.
- હરાજી થયાના દિન - ૦૭માં સમગ્ર કાટમાળ તોડી તેને દુર કરી જમીન સમતલ કરી આપવાની રહેશે.
- હરાજી અંગેની આખરી સત્તા અને અન્ય શરતો ગ્રામપંચાયત હસ્તક રહશે. જે હરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
- તમામ મિલકતોની ઓફસેટ પ્રાઈઝ રુપિયા ૧૯૩૦૦/- (ઓગણીસ હજાર ત્રણસો) રાખવામાં આવી છે.

● જર્જરીત મિલકતની વિગત :

૧. પટેલ ફળિયા પાણીની ટાંકી, પરવાસા **૨.** ધનખાઈ ઝાડી ફ. પાણીની ટાંકી, પરવાસા

હરાજી સ્થળ : ધનખાઈ ઝાડી ફ. પાણીની ટાંકી પાસે,
હરાજીનો સમય : સવારે ૧૦:૩૦ કલાકે
તારીખ : ૨૫/૧૧/૨૦૨૬

સહી/-
સરપંચશ્રી
ગ્રામપંચાયત પરવાસા

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી

નેશનલ હાઈવે નં. ૪૮, કિલ્લા પારડી, જિ. વલસાડ

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પારડીમાં મુખ્યયાર્ડ પારડીમાં શોપકમ દુકાનમાં રીનોવેશ કરવાનું હોય તો રસ ધરાવતા કોન્ટ્રાકટરએ ૫ દિવસમાં અરજી કરવી અથવા સંપર્ક.

સરનામું :
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી
નેશનલ હાઈવે નં. ૪૮, કિલ્લા પારડી, જિ. વલસાડ

સેક્રેટરી
જયવદન એમ. પટેલ

જાહેર નોટીશ

મહેરબાન વલસાડના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૫૩/૨૦૨૬
ક્રિ.પ.અ.નંબર - ૧૮૭૨/૨૦૨૬

અરજદાર : પટેલ હર્ષીલ હર્ષદભાઈ

વિરુધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ચીંચવાડા, તા. જી. વલસાડ

સદરહુ કામે અરજદાર પટેલ હર્ષીલ હર્ષદભાઈ રહે. ૧૯૮, વચલા ફળીયા, મુ. ચીચવાડા પો. અતુલ તા.જી.વલસાડના દાદી નામે લક્ષ્મીબેન મગનભાઈ પટેલનું મરણ તેમના ઘરે મોજે ચીચવાડા, વચલુ ફળીયું, તા.જી. વલસાડ મુકામે તા. ૦૧/૦૫/૨૦૨૪ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૮૭૨/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા. ૧૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.

તા. ૦૫/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- **આસીસ્ટન્ટ**
મુકાબલ કરનાર સહી/- **સુપ્રીન્ટેન્ડન્ટ**
કોર્ટનો સિક્કો
હુકમથી સહી/- **રજીસ્ટ્રારશ્રી** **ચીફ જયુડી. મેજી. કોર્ટ વલસાડ**

જાહેર નોટીશ

મહેરબાન એડીશનલ સિનિ સિવિલ અને એડિ ચીફ જ અમિતકુમાર કે. ડાભી સાહેબશ્રીની કોર્ટમાં, ઉમરગામ

ફોજદારી પરચુ અરજી નંબર : ૩૮૦/૨૦૨૬
ઠરાવ તા. ૦૨/૧૨/૨૦૨૬

અરજદાર : પટેલ દિપકભાઈ રમણભાઈ
રહે. પ્લાટપાડા, ધનોલી, તા. ઉમરગામ, જિ. વલસાડ

વિરુધ્ધ

સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, ધનોલી, તા.ઉમરગામ, જી.વલસાડ

-: જાહેર નોટીશ :-

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના નાના નામે ભીખાભાઈ નવસાભાઈ ધોડીની મરણ તારીખ તા. ૦૩/૦૭/૧૯૮૫ના રોજ ધનોલી તા. ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૦૨/૧૨/૨૦૨૬ના રોજ ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અનવયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

તૈયાર કરનાર સહી/- (ડી.એમ. સૈંદાણે) **એડી. સીની. સીવીલ કોર્ટ ઉમરગામ**
મુકાબલ કરનાર સહી/- (ડી.એમ. સૈંદાણે) **એડી. સીની. સીવીલ કોર્ટ ઉમરગામ**
કોર્ટનો સિક્કો
હુકમથી સહી/- **ડે. રજીસ્ટ્રાર** **પ્રિન્સીપાલ સીની. સિવિલ કોર્ટ, ઉમરગામ**

જાહેર નોટીશ

મહેરબાન વલસાડના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૫૪/૨૦૨૬
ક્રિ.પ.અ.નંબર - ૧૮૭૦/૨૦૨૬

અરજદાર : પટેલ નરસિંહભાઈ વેસ્તાભાઈ

વિરુધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ફલધરા, તા. જી. વલસાડ

સદરહુ કામે અરજદાર પટેલ નરસિંહભાઈ વેસ્તાભાઈ રહે. ૧૫૨, મિન્ત્રી ફળીયુ

Friday 20, November 2026

દમણગંગા ટાઇમ્સ

આહવા મિક્સર મશીન છેતરપિંડી કેસનો એક આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો

સાપુતારા, તા. ૧૯ : ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મિક્સર મશીનની છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા આરોપીને ડાંગ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (SOG) ની ટીમે મહારાષ્ટ્ર રાજ્યમાંથી ઝડપી પાડી મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. આહવા પોલીસ સ્ટેશનના (BNS-૨૦૨૩ કલમ-૩૧૬(૨), ૩૧૮(૪), ૩૫૧(૨), ૫૪ મુજબ) ના ગુનામાં સંડોવાયેલા આરોપી અમોલ ગણેશભાઈ મોહિતે (ઉ.વ. ૨૧, રહે. નિફાડ - બરડ વસ્તી, તા. નિફાડ, જિ. નાશિક, મહારાષ્ટ્ર) ને ઝડપી લેવામાં આવ્યો હતો. વધુ તપાસ માટે આરોપીને આહવા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

બલીઠા-સલવાવમાં તુલસી વિવાહ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૯ : વાપી સહિત આસપાસના વિસ્તારોમાં શનિવારે પવિત્ર દેવઊઠી અગિયારસ અને તુલસી વિવાહની ધાર્મિક પરંપરા શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવશે. આ નિમિત્તે બલીઠા-સલવાવ ખાતે આવેલા બાપા સીતારામ આશ્રમ સહિત શહેરનાં વિવિધ મંદિરોમાં તુલસી વિવાહના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વાપીના બાપા સીતારામ આશ્રમ ખાતે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ દેવઊઠી અગિયારસ નિમિત્તે તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ધાર્મિક ઉત્સવમાં સહભાગી બનશે. વિવાહ બાદ મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે.

વાપીમાં ભાજપની 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' પદયાત્રામાં જનમેદની ઉમટી

મત ઘટતાં કોંગ્રેસ રઘવાઈ બની છે : કનુભાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૯ : વાપીમાં ભાજપ દ્વારા 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં અંદાજે ૯થી ૧૦ હજાર જેટલા લોકો જોડાયા હોવાનો અંદાજ છે. મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકોની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલી આ પદયાત્રામાં રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કેબિનેટ મંત્રી રમણભાઈ તેમજ ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટે ઉપસ્થિત જનમેદનીને સંબોધન કર્યું હતું.

આ પ્રસંગે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, દેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી કોંગ્રેસ સત્તાથી દૂર હોવાથી પક્ષના નેતાઓ હતાશામાં નિવેદનો કરી રહ્યા છે. અગાઉ કોંગ્રેસને મળતા મતની ટકાવારી ૫૧ ટકા હતી, જે ઘટીને હવે ૨૧ ટકા થઈ ગઈ હોવાનો દાવો તેમણે કર્યો હતો. મતની ટકાવારીમાં ૩૦ ટકાનો ઘટાડો થતાં કોંગ્રેસ રઘવાઈ બની હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

વધુમાં તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં નરેન્દ્રભાઈ મોદીએ દેશની સત્તા સંભાળી ત્યારે માત્ર પાંચ રાજ્યોમાં ભાજપની સરકાર હતી, જ્યારે આજે દેશનાં ૨૨ રાજ્યોમાં ભાજપ અને એનડીએની સરકાર કાર્યરત છે. આ આંકડા દર્શાવે છે કે દેશના લોકોનો ભાજપ પ્રત્યેનો વિશ્વાસ વધ્યો છે.

ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટે પણ પોતાના સંબોધનમાં કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, દેશના મતદારોએ કોંગ્રેસને જાકારો આપ્યો છે.

અગાઉ ચૂંટણીમાં હાર થાય ત્યારે કોંગ્રેસ દ્વારા ઈવીએમને જવાબદાર ઠેરવવામાં આવતા હતા, પરંતુ તાજેતરમાં યોજાયેલી એમએલસીની ચૂંટણી બેલેટ પેપરથી યોજાઈ હોવા છતાં ૨૮ બેઠકો પર ભાજપનો વિજય થયો હતો,

જ્યારે કોંગ્રેસ એક પણ બેઠક જીતી શકી નહોતી. આ પરિણામો કોંગ્રેસની રાજકીય સ્થિતિ દર્શાવે છે, તેમ તેમણે જણાવ્યું હતું.

ત્યારબાદ આ પદયાત્રા શ્રી શ્યામ કૃષ્ણ વર્મા ચોકથી નીકળી અંબે માતા મંદિર ધ્યાનધામ સ્કૂલ ઉમિયાધામ ચોક રેમન સર્કલ થી વંદેમાત રમ ચોક થઈ પરત શ્યામજી કૃષ્ણ વર્મા ચોક પર આવી પૂર્ણ કરાય માં આવી હતી આ યાત્રાને ઠેર ઠેર આવકાર મળ્યો હતો સાથે અનેક સ્થળે વિવિધ સમાજના પ્રતિનિધિ મંડળો જેમાં અનાવિલ સમાજ મંડળ, શીખ પંજાબી સમુદાય, સિંધી સુમદાય, બંગાળી ચેરીટેબલ ટ્રસ્ટ, ઉડીસા સમાજ સહિતના અન્ય સમાજાના અગ્રણીઓએ તથા મહિલાઓ સ્વાગત કર્યું હતું.

આ પદયાત્રામાં વલસાડ જિલ્લાના ધારાસભ્યો ભરતભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, રમણભાઈ પાટકર અને અરવિંદભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા ભાજપ મહામંત્રીઓ કમલેશભાઈ પટેલ અને શિલ્પેશભાઈ દેસાઈ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વાપી મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતીશભાઈ પટેલ સહિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને વાપી મહાનગરપાલિકાના પદાધિકારીઓ, ભાજપના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કેબિનેટ મંત્રી રમણભાઈ અને પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટે કોંગ્રેસ પર કર્યા આકરા પ્રહારો

ધરમપુરમાં ગાયો ભરેલ પીકઅપ સાથે ૧ ઝડપાયો

બે ગાય સહિત રૂ. ૫.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત : બે ઈસમ ફરાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૯ : ધરમપુર પોલીસ દ્વારા પશુઓની ગેરકાયદેસર હેરાફેરી સામે કાર્યવાહી હાથ ધરી બોપી ત્રણ રસ્તા નજીકથી ગાયોનું ગેરકાયદેસર રીતે વહન કરતી ટાટા ઈન્ટ્રા પીકઅપ ઝડપી પાડવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન બે ગાય સહિત કુલ રૂ. ૫.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો, જ્યારે અન્ય બે આરોપીઓ ફરાર હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગતરોજ ધરમપુર તાલુકાના બોપી ત્રણ રસ્તા પાસે કરંજવેરીથી હનમતમાળ તરફ જતા માર્ગ ઉપર પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ફરિયાદી પો. કો કલ્પેશભાઈ ગમનભાઈ ગામિત ધરમપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ મુજબ,



મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના કોપરગાંવ ખાતે રહેતા કરણ સંતોષ મુલેકરે ગાયો ભરાવી આપ્યા બાદ ટાટા ઈન્ટ્રા પીકઅપ નંબર MH-16-CD-5901માં ચાલક મયુર નવનાથ જગતાપ દ્વારા બે ગાયનું ગેરકાયદેસર રીતે વહન કરવામાં આવતું હતું. આ પશુઓના પરિવહન માટે જરૂરી અધિકૃત પરવાનગી ન હોવા ઉપરાંત ઘાસચારા અને પાણીની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી ન હોવાનો આક્ષેપ છે.

આ મામલે પોલીસે ચાલક મયુર નવનાથ જગતાપને ઝડપી પાડ્યો હતો. જ્યારે વાહનના માલિક મયુર વિધાતે તથા પશુઓ ભરાવનાર કરણ સંતોષ મુલેકર સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. બંને આરોપીઓ પોલીસ પકડથી બહાર હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આરોપીઓ ગાયોને મહારાષ્ટ્રના કોપરગાંવ તરફ લઈ જતાં હોવાની ફરિયાદમાં વિગતો દર્શાવવામાં આવી છે.

પોલીસે કાર્યવાહી દરમિયાન રૂ. ૫ લાખની કિંમતની ટાટા ઈન્ટ્રા પીકઅપ, બે ગાયની રૂ. ૧૦ હજાર કિંમત, રૂ. ૫ હજારનો મોબાઈલ ફોન તથા પશુઓને બાંધવા ઉપયોગમાં લેવાયેલા બે દોરડા મળી કુલ રૂ. ૫.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ધરમપુર પોલીસ સ્ટેશનના ઈ.ચા પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન. વાંઝના માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

પારડી પાલિકા ડમ્પીંગ સાઈડમાં વારંવાર આગની ઘટના બાબતે કલેક્ટરને રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૯ : પારડી નગરપાલિકાના ડમ્પિંગ યાર્ડમાં વારંવાર આગ લાગવાની શંકાસ્પદ ઘટનાઓ, અગાઉના અકસ્માત બાદ સુરક્ષાની વ્યવસ્થાનો અભાવ તથા પોલીસ સમક્ષ ફરિયાદ કરવા છતાં કાર્યવાહી ન થવા બાબતે ઉચ્ચસ્તરીય તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરી છે. પારડી શહેરી વિસ્તારમાં રહેતા કપિલ કુમાર કાંતિલાલ ગણપતિ નામના જાગૃત નાગરિકે વલસાડ જિલ્લા કલેકટર ને લેખિતમાં રજૂઆત કરી કે પારડી નગરપાલિકા દ્વારા કચરાના નિકાલ માટે ઉપયોગમાં લેવાતા ડમ્પિંગ યાર્ડ ખાતે છેલ્લા ઘણા સમયથી વારંવાર આગ લાગવાની ઘટનાઓ બની રહી છે. ખાસ કરીને તા. ૦૮/૧૧/૨૦૨૬ થી તા. ૦૯/૧૧/૨૦૨૬ દરમિયાન આગ લાગવાની ઘટનાઓ બની હતી અને ત્યારબાદ પણ તા. ૧૨/૧૧/૨૦૨૬ના રોજ આગ ભભૂકવાની ઘટના સામે આવી હતી.આના કારણે ડમ્પિંગ યાર્ડની આસપાસ વસવાટ કરતા નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

પરંતુ આજદિન સુધી આ આદેશનું પાલન થયું છે કે કેમ, CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે કે કેમ અને નગરપાલિકા દ્વારા સુરક્ષા માટે શું પગલાં લેવામાં આવ્યાં છે તે અંગે સ્પષ્ટતા જરૂરી છે.જો યોગ્ય CCTV વ્યવસ્થા અને સતત દેખરેખ હોત તો વારંવાર આગ લાગવાની ઘટનાઓ પાછળનું સાચું કારણ તથા જવાબદાર વ્યક્તિઓની ઓળખ કરવામાં મદદ મળી શકી હોત.આ સમગ્ર બાબતને ધ્યાનમાં રાખીને તા. ૧૨/૧૧/૨૦૨૬ના રોજ પારડી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી સમક્ષ લેખિત ફરિયાદ રજૂ કરી હતી. જેમાં વારંવાર આગ લાગવાની ઘટનાઓ, અગાઉના અકસ્માત અને CCTV વ્યવસ્થા અંગે નિષ્પક્ષ તપાસ કરવાની માગણી કરવામાં આવી હતી.પરંતુ ફરિયાદ રજૂ કર્યા બાદ આજદિન સુધી કોઈ સંતોષકારક કાર્યવાહી કે તપાસના પરિણામ અંગે જાણ કરવામાં આવી નથી. જેથી જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારી તરીકે ધ્યાન દોરવું જરૂરી બન્યું છે. એક તરફ અગાઉ આ જ સ્થળે એક માસૂમ બાળકનો જીવ ગયો છે અને બીજી તરફ વારંવાર આગ લાગવાની ઘટનાઓથી આસપાસના રહેવાસીઓનું આરોગ્ય જોખમમાં મુકાઈ રહ્યું છે. તેમ છતાં જો સંબંધિત તંત્ર દ્વારા સમયસર યોગ્ય પગલાં લેવામાં ન આવે તો તે ગંભીર ચિંતાનો વિષય છે.

પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રશાંત કોરાટ દ્વારા

વાપીમાં પેપર મિલ એસો.ના પ્રમુખ એ.કે. શાહ સાથે SIR પ્રક્રિયા અંગે ચર્ચા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૯ : 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત આજે વલસાડ જિલ્લાના વાપી ખાતે પેપર મિલ એસોસિએશનના પ્રમુખ એ. કે. શાહના નિવાસસ્થાને સૌજન્ય મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન SIR પ્રક્રિયા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં SIR જેવી પ્રક્રિયાના હેતુ, તેની કાર્યપદ્ધતિ અને લોકશાહી વ્યવસ્થામાં તેની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમાજના વિવિધ વર્ગો સુધી આ પ્રક્રિયા અંગે સાચી અને તથ્ય આધારિત માહિતી પહોંચે તે માટે શું પ્રયાસો કરી શકાય તે અંગે પણ વિચારોનું આદાનપ્રદાન થયું હતું.

વધુમાં, SIR પ્રક્રિયા અંગે કોંગ્રેસ દ્વારા કરવામાં આવતા આક્ષેપો અને પ્રચારના સંદર્ભમાં પણ ચર્ચા થઈ હતી. આ મુદ્દે લોકોમાં પ્રવર્તતી ગેરસમજ દૂર કરી તથ્ય આધારિત માહિતી લોકો સુધી પહોંચાડવા અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.આ મુલાકાતના માધ્યમથી ઉદ્યોગ જગતના અગ્રણીઓ સાથે SIR પ્રક્રિયા અંગે સંવાદ સાધી લોકજાગૃતિ કેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓ વાપી હરિયા હોસ્પિટલના ડોકટર એસ.એસ.સીંગ તથા અન્ય સાથે પણ મુલાકાત કરી હતી.

આ સંયોજક મુલાકાત દરમિયાન પ્રશાંતભાઈ કોરાટ સાથે નાણામંત્રી કનુભાઈ દેસાઈ વલસાડ જિલ્લા પ્રભારી વિનય શુક્લા જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારા મહામંત્રી કમલેશભાઈ પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

વાપીના અંબા માતા મંદિર રોડ પર થેલામાંથી ચિકનના ટુકડા વેરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૯ : વાપીના અંબા માતા મંદિર પાસેના રસ્તા પર ગઈ કાલે બાઇક પર એક થેલામાં મોટી માત્રામાં લઈ જવાતા ચિકનના ટુકડા વેરાયેલા મળી આવતા લોકોની લાગણી દુભાઈ હતી.સૂત્રોના જણાવ્યા મુજબ, બાઇક પર ચિકન લઈ જઈ રહેલા ચાલક સાથે સ્થાનિક લોકોની બોલાચાલી પણ થઈ હતી. ચાલકે રસ્તા પર પડેલા ચિકનની સફાઈ કરાવ્યા વગર જ ત્યાંથી ચાલ્યો ગયો હતો. જેના કારણે રસ્તા પર ચિકનના ટુકડા અને લોહી વેરાયેલું રહ્યું હતું અને ત્યાંથી પસાર થતા લોકોમાં ભારે નારાજી અને રોષ ફેલાયો હતો.સૌથી મોટો સવાલ એ છે કે, ખુલ્લામાં આ રીતે ચિકનનું પરિવહન કેવી રીતે કરવામાં આવી રહ્યું છે?

શું માંસને સુરક્ષિત રીતે ઢાંકીને લઈ જવાના નિયમોનું પાલન નથી થતું? રસ્તા પર પડેલા ચિકનને જોઈને લોકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે, પોલીસ અને આરોગ્ય ખાતાના અધિકારીઓ જાહેર માર્ગ ઉપર આ રીતે ચિકન મટન લઈ જતા અને ગંદકી ફેલાવનારા સામે કડક કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.

વાપીમાં રમકડાંની દુકાનમાં ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૯ : વાપીના મેઈન બઝાર રોડ પર આવેલી રમકડાં અને ગિફ્ટની દુકાનમાં અજાણ્યા તસ્કરોએ શટર ઉંચુ કરી રૂ. ૪૦,૦૦૦ રોકડાની ચોરી કરી હોવાની ફરિયાદ વાપી ટાઉન પોલીસમાં નોંધાઈ છે.

ફરિયાદી હુસેન ઝુઝરભાઈ સૈફુદીનભાઈ શામાવાલા (ઉં.વ. ૪૨) વાપી ટાઉન રોયલ મેન્શન બિલ્ડીંગના ભોય તળિયે મેઈન બઝાર રોડ પર સૈફી ગ્લોરીયસ ટોઈસ એન્ડ ગિફ્ટ નામની દુકાન ધરાવી વેપાર કરે છે.

ગત તા. ૧૭/૧૧/૨૦૨૬ના રોજ સવારે નિયમ મુજબ તેઓ દુકાને આવ્યા હતા. આખો દિવસ ટોઈસ અને ગિફ્ટનું વેચાણ કરી સાંજે આશરે ૮.૩૦ વાગ્યે દુકાનનું શટર બંધ કરી ચાવી સાથે લઈ ઘરે ગયા હતા. દિવસ દરમિયાનના વેપારના તેમજ અન્ય રોકડ રૂપિયા મળી કુલ રૂ. ૪૦,૦૦૦ તેઓ દુકાનના કાઉન્ટર ટેબલના ડ્રોવરમાં મૂકીને ગયા હતા. આજરોજ તા. ૧૮/૧૧/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૩.૩૦ વાગ્યે તેમના કાકા શમુનભાઈનો ફોન આવ્યો કે તમારી દુકાનનું શટર એક બાજુથી ઉંચુ કરેલું છે અને દુકાનમાં સામાન વેરવિખેર પડેલો છે. તાત્કાલિક દોડી આવી જોતા દુકાનનું શટર ડાબી સાઈડથી ઉંચુ કરેલું હતું. અંદર સામાન વેરવિખેર હતો અને ડ્રોવરમાં મૂકેલા રૂ. ૪૦,૦૦૦ મળી આવ્યા ન હતા.

તસ્કરોએ કોઈ સાધન વડે શટર ઉંચુ કરી ગેરકાયદેસર રીતે દુકાનમાં પ્રવેશ કરી ચોરી કરી હોવાનું જણાય છે. પોલીસે અજાણ્યા ચોર વિરૂદ્ધ ગુનો નોંધી સીસીટીવી તપાસ હાથ ધરી છે.

ગણદેવીના દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સનું સઘન પેટ્રોલિંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૯ : ગુજરાતના દરિયાકાંઠાની સુરક્ષા વધુ મજબૂત બનાવવા અને દરિયાઈ માર્ગે થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવાના હેતુથી નવસારી જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સઘન પેટ્રોલિંગ અને તપાસ હાથ ધરવામાં આવી હતી. મેંધર ગામથી ભાટ ગામ સુધીના દરિયાકાંઠે સુરક્ષા જવાનોએ ફૂટ પેટ્રોલિંગ કરી શંકાસ્પદ હિલચાલ અને વસ્તુઓની ઝીણવટભરી તપાસ કરી હતી. દરિયાઈ માર્ગે થતી દાણચોરી, કેફી પદાર્થોની હેરાફેરી, ડ્રગ્સની તસ્કરી તેમજ સંભવિત આતંકી પ્રવૃત્તિઓને અટકાવવાના આશયથી આ વિશેષ સુરક્ષા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા, દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ.એમ. મુનિયા તથા પોલીસ અધિક્ષક એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી.જેના ભાગરૂપે બુધવાર, તા. ૧૮ નવેમ્બરના રોજ નવસારી મરીન સેક્ટરના અધિકારીઓ અને મરીન કમાન્ડોની ટીમોએ મેંધર ગામથી ફિશ લેન્ડિંગ સેન્ટર તરીકે જાણીતા ભાટ ગામ સુધીના દરિયાકાંઠાના વિસ્તારમાં સઘન પગપાળા પેટ્રોલિંગ કર્યું હતું.પેટ્રોલિંગ દરમિયાન દરિયાકિનારાની અવાવરું જગ્યાઓ, ઝાડી-ઝાંખરાં, કિનારે લાંગરેલી બોટો, શંકાસ્પદ બેગ તેમજ વાહનોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. દરિયાઈ વિસ્તારમાં કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ ન થાય અને કાયદો-વ્યવસ્થાની સાથે દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે હેતુથી સુરક્ષા દળો દ્વારા આ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

વાપીની ફેક્ટરીમાંથી ૬૦ કિલો કોપરની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૯ : વાપી જીઆઈડીસીના ફર્સ્ટ ફેઝ વિસ્તારમાં આવેલી આશિષ ઈલેક્ટ્રિકલ્સ નામની ફેક્ટરીને તસ્કરોએ નિશાન બનાવી અંદાજે રૂ. ૬૦ હજારની કિંમતનું ૬૦ કિલો કોપર ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે. ફેક્ટરીના પાછળના ભાગે લગાવેલું પતરું તોડી અંદર પ્રવેશેલા તસ્કરોએ સ્ટોર રૂમનું તાળું તોડી ચોરીને અંજામ આપ્યો હતો. વાપીના છરવાડા વિસ્તારમાં રોફેલ કોલેજ પાછળ સાધના વિલા ખાતે રહેતા વિપુલભાઈ ખુશાલભાઈ ઈગલે વાપી જીઆઈડીસી ફર્સ્ટ ફેઝના પ્લોટ નં. ૬૧ ખાતે આશિષ ઈલેક્ટ્રિકલ્સ નામની ટ્રાન્સફોર્મર રિપેરિંગની ફેક્ટરી ચલાવે છે. ગત તા. ૧૩ નવેમ્બરના રોજ સાંજે પાંચ વાગ્યે ફેક્ટરીનું કામકાજ પૂર્ણ થયા બાદ કર્મચારીઓ ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ રાત્રિના નવેક વાગ્યે ફેક્ટરી માલિક પત્ની સાથે વતન જવા નીકળી ગયા હતા. આ દરમિયાન તા. ૧૪ નવેમ્બરના રોજ સવારે ફેક્ટરીમાં કામ કરતા ગણેશ ગાયકવાડે ફોન કરીને જાણ કરી હતી કે, ફેક્ટરીના વાઈન્ડિંગ એરિયામાં આવેલા સ્ટોર રૂમનાં તાળાં તૂટેલાં છે અને અંદરથી કોપરની ચોરી થઈ છે. તપાસ દરમિયાન ફેક્ટરીના પાછળના ભાગે દિવાલ પર લગાવેલું પતરું તોડી તસ્કરો અંદર ઘૂસ્યા હોવાનું પણ જાણવા મળ્યું હતું. ફેક્ટરી માલિક વતનથી પરત આવ્યા બાદ તા. ૧૭ નવેમ્બરના રોજ ફેક્ટરીમાં જઈ ચોરી થયેલા માલસામાનની તપાસ કરી હતી. જેમાં સ્ટોર રૂમમાંથી અંદાજે ૬૦ કિલો કોપર, જેની કિંમત આશરે રૂ. ૬૦ હજાર થાય છે, તેની ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું.

આથી વિપુલભાઈ ઈગલેએ તા. ૧૩ નવેમ્બરના સાંજે પાંચ વાગ્યાથી તા. ૧૪ નવેમ્બરના સવારે આઠ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ ફેક્ટરીમાં પ્રવેશ કરી કોપરની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાવી છે. વાપી પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

વાપીના જ્વેલર્સને ડરાવવા આવેલા હુમલાખોરો ગંભીર હુમલો કરી બેઠા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૯ : દુબઈ જેલમાં બેઠેલા હરજિન્દરસિંહ ઉર્ફે હેરી ઢીલ્લોને રૂ. ૫ કરોડની ખંડણી માટે જુગરાજને સોપારી આપી હતી. તેનો ઈરાદો વાપીના જ્વેલર્સને ચપ્પુથી સામાન્ય ઈજા કરીને ડરાવવાનો હતો. જોકે હુમલાખોરોએ છેલ્લી ઘડીએ પકડાઈ જવાની બીકે જ્વેલર્સ પર ગંભીર હુમલો કરી દીધો હતો.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ લવપ્રીતસિંહ નિર્મલસિંહ (ઉં.વ. ૩૦), જુગરાજ ઉર્ફે યુવરાજ સુખદેવસિંહ (ઉં.વ. ૩૫) અને અમોલકસિંહ બક્ષીસસિંહ (ઉં.વ. ૩૦), ત્રણેયએ આ કામ માટે વાપીથી જ છરો ખરીદ્યો હતો. તા. ૧૭ નવેમ્બરના રોજ મહાત્મા ગાંધી માર્કેટ સ્થિત શોપિંગ સેન્ટરના વોશરૂમમાં જ્વેલર્સના નાના ભાઈ પર હુમલો કર્યો હતો.હુમલા દરમિયાન આરોપીઓએ જ્વેલર્સના બોચીના ભાગે અને પીઠના ભાગે છરો ફેરવી ગંભીર ઈજા પહોંચાડી હતી. ગંભીર રીતે ઘવાયેલા જ્વેલર્સને બોચીના ભાગે ૧૨ જેટલા ટાંકા લેવા પડ્યા હતા. હાલ તે સારવાર હેઠળ છે અને ખતરાની બહાર હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે પોલીસે જ્વેલર્સ તથા તેના પરિવારને પ્રોટેક્શન આપ્યું છે. આ કેસમાં ઝડપાયેલા ત્રણેય હુમલાખોર ઈસમોની રિમાન્ડ દરમિયાન સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે પૂછપરછ હાથ ધરી છે. સાથે જ તેઓની સાથે અન્ય કોણ કોણ સામેલ છે તેની સીસીટીવી ફૂટેજ થકી તપાસ શરૂ કરવામાં આવી છે.

સાપુતારાનાં ટેબલ પોઈન્ટ પાસે કાર રિવર્સમાં ખીણમાં ખાબકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૧૯ : ગુજરાતના પ્રખ્યાત ગિરિમથક સાપુતારા ખાતે ફરવા આવેલા પ્રવાસીઓને અકસ્માત નડતા ભારે દોડધામ મચી જવા પામી હતી.બારડોલીથી સાપુતારા ફરવા આવેલા એક પરિવારની કાર નંબર GJ-19-BE-0538 ટેબલ પોઈન્ટ પાસે અકસ્માતનો ભોગ બની ખીણમાં ખાબકી હતી. પ્રાથમિક માહિતી મુજબ, ટેબલ પોઈન્ટ તરફ જતા ચઢાણવાળા ઘાટ પર કાર ચઢી શકી ન હતી અને અચાનક રિવર્સમાં આવતાં ચાલકે કાબૂ ગુમાવ્યો હતો, જેના પગલે કાર ખીણમાં ખાબકી હતી. આ ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ સાપુતારાના સ્થાનિક લોકો અને ૧૧૨ ઈમરજન્સી સેવા ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થાનિકો અને બચાવ ટીમની સમયસૂચકતા તથા ભારે જહેમતના પરિણામે કારમાં સવાર ત્રણ પુખ્ત વયના વ્યક્તિઓ અને બે બાળકો સહિત કુલ પાંચ સભ્યોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આ સમગ્ર બચાવ કામગીરીમાં સાપુતારા પોલીસ મથકના પી.આઈ. જે.કે. બારીયા અને તેમની ટીમે અથાગ મહેનત કરી પરિવારનો જીવ બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સદનસીબે પરિવારના તમામ સભ્યોનો આબાદ બચાવ થતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.સાપુતારા પોલીસની સતર્કતા, સ્થાનિક નાગરિકોની માનવતા અને ૧૧૨ની ટીમની સમયસરની મદદને કારણે મોટી જાનહાનિ ટળી હતી.મુશ્કેલીના સમયે માનવતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડનાર તમામ બચાવકર્મીઓની કામગીરી સરાહનીય બની રહી છે.

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**